**અરજદારઃ** **શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાળા ,**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,આર.પી.પટેલ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** તા.૦૧–૦૩–૨૦૧૪ ના રોજ ગુજરાતમિત્ર દૈનિકમાં ગોપીતળાવના વિકાસ માટે નજીક વોહરા કબ્રસ્તાનની જગ્યાનાં બદલામાં ઝાપા બજાર દેવડી નો રસ્તો દાઉદી વોહરા સમાજને વેચાણ કરવા માટે સ્થાયી સમિતીના ઠરાવ વિગેરેની વિગતવાર લેખિતમાં પુરાવાની નકલ આપવા બાબત.( મુદા નં. ૧ થી ૫)

**સંદર્ભઃ**–(૧)અરજદાર શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાળા ની તા.૦૧–૦૩–૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૨૫૫૮)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૨૮–૦૩–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૧૦૬૮
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૩–૦૪–૧૪ની પ્રથમ અપીલ ઈ.નં.૦૧/૦૩–૦૫–૧૪
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૪, તા.૦૬–૦૫–૨૦૧૪.
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૭, તા.૧૩–૦૫–૨૦૧૪.

અરજદાર શ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાળાઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૪–૦૩–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરેતા.૨૮–૦૩–૧૪ના રોજ સંદર્ભ(૨) થી અરજદારશ્રી ને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૦૫–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૫–૦૫–૨૦૧૪ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.પરંતુ,જીલ્લા ચુટણી અધિકારીશ્રી ના હુકમ અન્વયે ચુટણી ફરજ અંગેની કામગીરી તા.૧૫–૦૫–૨૦૧૪ ના રોજ હોવાથી તે દિવસે અપીલ ની સુનવણી થઈ શકે તેમ ન હોવાથી સદર અપીલની સુનાવણી અરજદારશ્રી ને સમય/તારીખ અનુકુળ હોવાથી ટેલીફોન દ્વારા સમંતિ મેળવી સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારશ્રી ને તા.૧૪–૦૫–૧૪ ના રોજ સાંજે ૦૪ઃ૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૪–૦૫–૧૪ના રોજ અરજદારશ્રી ઝેહરા તાહેરભાઈ સાયકલવાળા અપીલની સુનાવણીમાં હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર આ.પી.પટેલ, સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૨૫૫૮ ના નિર્દિષ્ટ સમયગાળામાં મળેલ ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૮–૦૩–૨૦૧૪ ના પત્ર નં. ટીપીડી/આ/૧૦૬૮ ના પ્રતિભાવથી નારાજ થઈ અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૨૫૫૮ અન્વયેના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પત્ર સંદર્ભે જે માહિતી મળેલ છે તેનાથી નારાજ હોવાનું જણાવેલ છે."

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અત્રે તા.૦૧–૦૩–૨૦૧૪ ના રોજ મળેલ જેનો જવાબ અરજદારશ્રીને તા.૨૮–૦૩–૨૦૧૪ ના રોજ કરવામાં આવેલ હતો.સંબંધિત ફાઈલ સેક્રેટરી બ્રાન્ચમાં હોવાથી 'હાલ ફાઈલ ઉપલબ્ધ ન હોય,ફાઈલ પરત મળ્યેથી જવાબ કરવામાં આવશે'.તેમ પત્રમાં જણાવવામાં આવેલ હતું."

**–: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૨૫૫૮ અન્વયે અપીલ કરનારે અપીલ અરજીમાં જણાવેલ છે કે 'તેઓ નારાજ છે.' જાહેર માહિતી અધિકારીશ્રી જણાવે છે કે 'મુળ ફાઈલ પરત આવેલ ન હોવાથી માંગેલ માહિતીની નકલ આપી શકાય તેમ નથી'.

આર.ટી.આઈ.એકટ ની જોગવાઈઓ જોવામાં આવે તો તેમાં સ્પષ્ટપણે જાણાવ્યું છે કે માહિતીને સંલગ્ન ઉપલબ્ધ રેકર્ડ/ફાઈલ જાહેર માહિતી અધિકારી પાસે ન હોય, તો જે તે ખાતા/વિભાગ/જાહેર માહિતી અધિકારી પાસે માહિતી હોય તો તેને અરજી તબદીલ કરી દેવાની હોય છે. જયારે આ કિસ્સામાં જાહેર માહિતી અધિકારીએ આવું કંઈ કરેલ નથી. જે ખાતા/વિભાગ/જાહેર માહિતી અધિકારી પાસે ફાઈલ/મુળ રેકર્ડ છે તેઓને તબદીલ કરવામાં આવેલ નથી તેમજ તેઓની પાસેથી રેકર્ડ મેળવી અરજદારને આપવામાં આવેલ

નથી.અરજદાર એમની માંગણી અન્વયે માહિતી મેળવવા હકદાર છે અને જરૂરી વિગતો રેકર્ડ પરથી તેઓને મળવી જોઈએ તેવુ તારણ કરું છું.

ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ,જે તે ખાતા/વિભાગ/જાહેર માહિતી અધિકારી ના કબજામાં મુળ ફાઈલ હોય તો તેમની પાસેથી ફાઈલ/રેકર્ડની જરૂરી નકલો મેળવી આર.ટી.આઈ.એકટ કલમ–૭ (૬) હેઠળ અન્વયે અરજદાર ને દિન–૭ (સાત) માં વિના મુલ્યે આપવા હુકમ કરવામાં આવે છે."

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી સુરેશ એમ પટેલ,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એ.એમ.ગઢવી,**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

<u>**ફરીયાદની હકીકતઃ**</u>

**વિષયઃ**– સુરત શહેરમાં પાવર વિતરણ કરતી કંપની ટોરેન્ટ પાવર ના ડબ્બા ઉભા કરવા માટેની મંજુરી,ભાડા વસુલાત વિગેરેની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ**– (૧)અરજદાર શ્રી સુરેશ એમ પટેલ ની તા.૦૧–૦ર –૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.ર૩૧૧)
(ર)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ર૬–૦૩–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૧૦પ૩
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.ર૮–૦૪–૧ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૩/૦પ–૦પ–૧૪
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦પ, તા.૦૮–૦પ–ર૦૧૪.
(પ) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૮, તા.૧૩–૦પ–ર૦૧૪.

અરજદાર શ્રી સુરેશ એમ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦પ–૦ર–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરેતા.ર૬–૦૩–૧૪ના રોજ સંદર્ભ(ર) થી અરજદારશ્રી ને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦પ–૦પ–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧પ–૦પ–ર૦૧૪ના રોજ સાંજે ૪ઃ૪પ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧પ–૦પ–૧૪ના રોજ અરજદારશ્રી સુરેશ એમ પટેલ અપીલની સુનાવણીમાં હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એ.એમ.ગઢવી, સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

''આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.ર૩૧૧ રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ ન મળવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે.''

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ—**

"આર.ટી.આઈ. એકટ નમુના—કની અરજી આઈ.ડી. નં. ૨૩૧૧ અન્વયેના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા માંગેલ વિગતો પુરી પાડવામાં આવેલ નથી.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ—**

અધિકૃત/ફાળવેલ સબસ્ટેશનોના ભાડાની વસુલાત/રીન્યુઅલની કામગીરી જે તે ઝોન કચેરીઓ ધ્વારા કરવામાં આવે છે.

**—: હુકમ :—**

"આર.ટી.આઈ. એકટ નમુના—કની અરજી આઈ.ડી. નં. ૨૩૧૧ ની અરજદારની અરજી અંગે તેમની રૂબરૂમાં કરવામાં આવેલ રજુઆત ધ્યાને લેતા સુરત શહેરમાં વિર્દ્યુત વિતરણ કરતી ટોરેન્ટ પાવર.લી.કંપની દ્રારા જે સબ સ્ટેશનો બનાવવામાં આવે છે તથા 'ડબ્બાઓ' ઉભા કરવામાં આવે છે તે બાબતની વિગતો અરજદારે માંગેલ છે.પરંતુ,તે વિગતો તેમને પુરી પાડવામાં આવેલ નથી તેવુ અરજદારે જણાવેલ છે.

મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામા જમીન મિલકત વિભાગના ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) અને જાહેર માહિતી અધિકારીએ એવુ જણાવેલ છે કે અરજદારે જે માહિતી/વિગતો માંગેલ છે તે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગના કાર્યક્ષેત્રમાં આવતી નથી અને ઝોન કચેરીઓના કાર્યક્ષેત્રમાં આવે છે.તેમજ આર.ટ.આઈ ની મુળ અરજી ઝોન કચેરીઓને અગાઉ  તબદીલ કરવામાં આવેલ જ છે.અને તે મુજબની જાણ સાથેનો પત્ર તેઓએ અરજદારશ્રી ને તા.૨૬—૦૩—૨૦૧૪ ના રોજ પાઠવેલ જ છે. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે સુરત મહાનગરપાલિકાની કામગીરીનું ઝોન કચેરીઓમાં વિકેન્દ્રીકરણ થયા પછી મહાનગરપાલિકાની મિલ્કતો/રસ્તા/ફુટપાથ વિગેરે ઉપર થતા અનઅધિકૃત દબાણો અટકાવવાની અને તેને દુર કરવાની કામગીરી જે તે ઝોન કચેરીથી કરવામાં આવે છે. વધુમાં, અધિકૃત/ફાળવેલ  સબસ્ટેશનોના ભાડાની વસુલાત/રીન્યુઅલની કામગીરી પણ જે તે ઝોન કચેરીએ કરવાની રહે છે માટે અરજદારે જે માહિતી/વિગતો માંગેલ છે તે વિગતો ઝોન કચેરીઓના જાહેર માહિતી અધિકારીના કાર્યક્ષેત્રમાં આવે છે અને એ મુજબની જાણ આરજદારને તા.૨૬—૦૩—૨૦૧૪ ના પત્રથી કરવામાં આવેલ છે.રેકર્ડ જોતા ઝોન કચેરીઓના જાહેર માહિતી અધિકારીશ્રીઓ ધ્વારા પણ અરજદારને જવાબ પાઠવેલ છે જેથી, જ તે ઝોન કચેરીના અપીલ અધિકારીએ પોતાના કાર્યક્ષેત્ર/ઝોનના જાહેર માહિતી અધિકારીના જવાબ અન્વયે આર.ટી.આઈ.એકટ હેઠળની અપીલ બાબતે ઘટિત કાર્યવાહી કરી શકે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ—૨૦૦૫ ની કલમ—૧૯ (૩) અન્વયે ગુજરાત

**માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.**

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,અશોક.એમ.ગઢવી.**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**–સુરત મહાનગરપાલિકાની પોતાની માલિકીની,તમામ ઝોનમાં આવેલી જમીનો,સરકારશ્રી પાસેથી મેળવેલી જમીનો,સંપાદન કરેલી જમીનો અંગેની વિગતો આપવા બાબત.(મુદા નં. ૧ થી ૨૨)

**સંદર્ભઃ**–(૧)અરજદાર શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા ની તા.૨૫–૦૩ –૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૬૫૪)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૧૬–૦૪–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૪૭
(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૨૧–૦૪–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૬૧
(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૪–૦૪–૧૪ની પ્રથમ અપીલ ઈ.નં.૦૨/૦૩–૦૫–૧૪
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૩, તા.૦૬–૦૫–૨૦૧૪.
(૬) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૬, તા.૧૩–૦૫–૨૦૧૪.
(૭) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૦૯, તા.૧૪–૦૫–૨૦૧૪.

અરજદાર શ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૪–૦૪–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૬–૦૪–૧૪ તેમજ તા.૨૧–૦૪–૨૦૧૪ ના રોજ સંદર્ભ(૨) અને સંદર્ભ (૩) થી અરજદારશ્રી ને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૩–૦૫–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૧૫–૦૫–૨૦૧૪ના રોજ સાંજે ૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. પરંતુ, ,જીલ્લા ચુટણી અધિકારીશ્રી ના હુકમ અન્વયે ચુટણી ફરજ અંગેની કામગીરી તા.૧૫–૦૫–૨૦૧૪ ના રોજ હોવાથી તે દિવસે અપીલ ની સુનવણી થઈ શકે તેમ ન હોવાથી સદર અપીલની સુનાવણી અરજદારશ્રી ને સમય/તારીખ અનુકુળ હોવાથી ટેલીફોન દ્વારા સમંતિ મેળવી સંદર્ભ (૬) હેઠળના પત્રથી અરજદારશ્રી ને તા.૧૪–૦૫–૧૪ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ. તા.૧૫–૦૫–૨૦૧૪ ના રોજ અરજદારશ્રી ના પત્રનં. ટીપીડી/ઈનવર્ડ /૧૦૫૯માં દર્શાવેલ અપીલ ની સુનવણીની તા.૨૧–૦૫–૨૦૧૪ના રોજ કરવાની માંગણી ગ્રાહય રાખી સંદર્ભ(૭) હેઠળના પત્રથી અરજદારને તા.૨૧–૦૫–૨૦૧૪ ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૧–૦૫–૧૪ના રોજ અરજદારશ્રી સંદિપભાઈ ધીરૂભાઈ કાસોદરીયા અપીલની સુનાવણીમાં હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એ.એમ.ગઢવી, સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૬૫૪ અન્વયે અપીલ અરજી કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૬૫૪ અન્વયેના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના મને આજ દિન સુધી પ્રત્યુતર / જવાબ કે નાણાં ભરપાઈ થયાનો પ્રત્યુત્તર મળેલ નથી.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારને તા.૧૬–૦૪–૨૦૧૪ અને તા.૨૧–૦૪–૨૦૧૪ ના રોજ આઉટવર્ડ નં.ટીપીડી/આરટીઆઈ/આ/૪૭ તેમજ ટીપીડી/આરટીઆઈ/આ/૬૧ માહિતીની નકલો માટે નાણાં ભરપાઈ કરવા પત્ર લખેલ છે.

**–: હુકમ :–**

" અરજદારશ્રી ધ્વારા એવી રજુઆત કરવામાં આવેલ છે કે તેઓને આજ દિન સુધી પ્રત્યુતર / જવાબ કે નાણાં ભરપાઈ થયાનો પત્યુત્તર મળેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ એવુ જણાવ્યુ છે કે તેઓએ અરજદારને તા.૧૬–૦૪–૨૦૧૪ અને તા.૨૧–૦૪–૨૦૧૪ ના પત્રોથી નકલો મેળવવા સારું નિયમ મુજબ નાણાં ભરપાઈ કરવા પત્ર લખેલ છે. આના બદલામાં અરજદારશ્રી એવુ જણાવે છે કે આવો કોઈ પણ પત્ર આજદીન સુધી મને મળેલ નથી. જાહેર માહિતી અધિકારીશ્રીએ ખાતામાં તપાસ કરી આઉટવર્ડ નં.ટીપીડી/આરટીઆઈ/આ/૪૭ તેમજ ટીપીડી/આરટીઆઈ/આ/૬૧ થી ટપાલ રવાના કરેલ હોવાનુ જણાય છે. જે તે ટપાલ ન મળેલ હોવાનુ અરજદારશ્રી ભાર પૂર્વક જણાવે છે ઉકત બંને ટપાલોની વધારાની એક નકલ અરજદારશ્રીને આજરોજ ( તા.૨૧–૦૫–૨૦૧૪ના રોજ) હાથો હાથ આપવામાં આવે છે. પરંતુ, આ નાણાં ભરપાઈ કર્યેથી માહિતીની નકલો આપવા અંગેની ટપાલ નિયત સમય ગાળામાં મળેલ ન હોવાથી માહિતી વિના મૂલ્યે આપવાનુ અરજદારશ્રી જણાવે છે.

જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ છે કે તેઓ ધ્વારા અરજદારને નિયત સમય મર્યાદામાં પત્રો પાઠવેલ છે અને નિયમ મુજબ જરૂરી નાણાં ભરપાઈ કરી નકલો મેળવી લેવા જણાવેલ છે. પરંતુ,અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કરવામાં આવેલ નથી અને કોઈ પણ પ્રતિભાવ મળેલ નથી જેથી, તેઓને માહિતી/નકલો

આપી શકાયેલ નથી જો અરજદારશ્રી નિયમ મુજબ નાણાં ભરપાઈ કરી દે તો તેઓને નકલો તાકીદે આપી દેવામાં આવશે એવું જાહેર માહિતી અધિકારીશ્રીએ જણાવેલ છે વધુમાં,પત્રો ન મળેલ હોવાની રજુઆત અન્વયે સુનાવણીના સ્થળે રૂબરૂમાં હાથોહાથ તા.૧૬–૦૪–૨૦૧૪ અને તા.૨૧–૦૪–૨૦૧૪ ના પત્રની વધારાની એક નકલ અરજદારશ્રીને આપવામાં આવેલ છે અને તેના આધારે હવે પણ તેઓ ઈચ્છે તો નિયમ મુજબ જરૂરી નાણાં ભરપાઈ કરી માહિતી/નકલો મેળવી શકે છે. તાકીદે માહિતી પુરી પાડવામાં આવશે એવું જાહેર માહિતી અધિકારીશ્રી એવુ જણાવે છે.

ઉપરોકત તમામ હકીકત ધ્યાને લઈ,જાહેર માહિતી અધિકારીશ્રી ને તા.૧૬–૦૪–૨૦૧૪ અને તા.૨૧–૦૪–૨૦૧૪ ના પત્રોમાં જણાવ્યા પ્રમાણે નિયમ મુજબના નાણાં ભરપાઈ કરવા અરજદારશ્રી ને જણાવવામાં આવે છે અને તેઓ ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી તા.૧૬–૦૪–૨૦૧૪ અને તા.૨૧–૦૪–૨૦૧૪ ના પત્રોમાં જણાવ્યા મુજબની તમામ નકલો અરજદારશ્રી ને જાહેર માહિતી અધિકારીશ્રી ને આપવા હુકમ કરવામાં આવે છે."

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ઘામેલીયા,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,(એ) એ.એમ.ગઢવી, ટાઉન પ્લાનીંગ ખાતુ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** બાંધકામનો લે આઉટ પ્લાન અને મંજુર થયેલા બાંધકામ અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભઃ–** (૧)અરજદાર શ્રીદેવરાજભાઈ નાગજીભાઈ ઘામેલીયા ની તા.૧૭–૦૫–૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૭૦)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૧૩–૦૬–૧૪નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/આ/૧૭૧
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૯–૦૬–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૬/૦૮–૦૭–૧૪
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૧૯, તા.૦૯–૦૭–૨૦૧૪.

અરજદાર શ્રીદેવરાજભાઈ નાગજીભાઈ ઘામેલીયા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, (એ) ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૧૦–૦૬–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૧૩–૦૬–૧૪ના રોજ સંદર્ભ(૨) થી જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારી,જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (નોર્થ ઝોન),જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (વિજીલન્સ વિભાગ),જાહેર માહિતી અધિકારી અને નાયબ કલેકટરશ્રી (સીટી પ્રાંત–જીલ્લા સેવા સદન–૨) અઠવાલાઈન્સ,સુરતને તેમજ જાહેર માહિતી અધિકારી અને ચીટનીશ કલેકટરશ્રી (ચીટનીશ શાખા–જીલ્લા સેવા સદન–૨) અઠવાલાઈન્સ સુરતને માંગવામાં આવેલ માહિતી પૈકીની આંશિક માહિતી માટે તબદીલ કરેલ. સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૮–૦૭–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા. ૧૬–૦૭–૨૦૧૪ના રોજ સાંજે ૦૪ઃ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૭૦ અન્વયે માંગેલી માહિતી સ્પષ્ટ,પુરેપુરી આપી નથી કે માહિતી ન આપવાના સબબ અધિનિયમ ની જોગવાઈ મુજબ કોઈ વ્યાજબી કારણ ન દર્શાવવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

અપીલની હીયરીંગ માટે નીયત કરવામાં આવેલ તા.૧૬–૦૭–૧૪ના રોજ અરજદારશ્રી દેવરાજભાઈ નાગજીભાઈ ઘામેલીયા હાજર રહેલ નહિ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ)એ.એમ.ગઢવી, હાજર હતા.

–: હુકમ :–

જાહેર માહિતી અધિકારી ધ્વારા એવી રજુઆત કરવામાં આવી છે કે અરજદારે ખાનગી જમીનમાં ચાલતા બાંધકામ અને તેની વિકાસ પરવાનગીના પ્રકરણો તેમજ બાંધકામની કાયદેસરતા બાબતે વિવિધ માહિતી/પુરાવાઓની માંગણી કરેલ છે.જે અંગેની કામગીરી/રેકર્ડ ટાઉન પ્લાનીંગ ખાતાની કાર્યક્ષેત્રમાં આવતું નથી. વધુમાં,અરજદારની આર.ટી.આઈ. હેઠળની જે અરજી ટાઉન પ્લાનીંગ ખાતામાં આવેલ તેને તા.૧૩–૦૬–૨૦૧૪ના પત્ર નં.૧૭૧ થી મધ્યસ્થ શહેર વિકાસ ખાતા તથા કતારગામ ઝોન કચેરીમાં તબદીલ કરી દેવામાં આવેલ, જે બાબતની જાણ અરજદારશ્રીને પણ કરવામાં આવેલ છે. આમ ટાઉન પ્લાનીંગ ખાતાના કાર્યક્ષેત્ર બહારની વિગત છે જે ખાતામાં ઉપલબ્ધ નથી અને સંબધિત ખાતા/ઝોન ને અરજી તબદીલ કરવામાં આવેલ છે. માટે ટાઉન પ્લાનીંગ ખાતામાંથી અરજદારને કોઈ માહિતી આપવાની રહેતી નથી.

અરજદારની રજુઆત/અપીલ તથા જાહેર માહિતી અધિકારીનો તા.૦૯–૦૭–૨૦૧૪ ના પત્ર નં. ટીપીડી./આરટીઆઈ/આ/૧૯ ની વિગતો તથા હીયરીંગમાં તેમના તરફથી કરવામાં આવેલ રજુઆત તેમજ માંગવામાં આવેલ માહિતીની વિગતો અને કાર્યક્ષેત્ર ધ્યાને લેતા એવુ જણાય છે કે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (એ) એ આ પ્રકરણમાં કોઈ માહિતી /પુરાવાઓ આપવાના રહેતા નથી.

ઉપર મુજબના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી જીજ્ઞેશ જી સુતરીયા,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એ.એમ.ગઢવી,
ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ની તા.૦૧–૦૭–૨૦૧૪ થી ટી.પી. ૩ ફા.પ્લોટ ના ૫૮ માં કેટલા કબ્જેદાર છે તેની વિગતવાર માહિતી.

**સંદર્ભઃ**–(૧)અરજદાર શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ની તા.૦૧–૦૭ –૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૩૪૩)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૩૦–૦૭–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૨૭૦
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૨–૦૮–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૯/૩૦–૦૮–૧૪
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૨૩, તા.૦૪–૦૯–૨૦૧૪.

અરજદાર શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૯–૦૭–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૩૦–૦૭–૧૪ના રોજ સંદર્ભ(૨) થી અરજદારશ્રી ને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૩૦–૦૮–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૧–૦૯–૨૦૧૪ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૧૧–૦૯–૧૪ના રોજ અરજદારશ્રી જીજ્ઞેશ જી સુતરીયા અપીલની સુનાવણીમાં હાજર રહેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એ.એમ.ગઢવી, સુનાવણી દરમ્યાન હાજર રહેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૩૪૩ રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ ન મળવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૩૪૩ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એસ.ડી.બંગલાવાલા ના તા.૦૬–૦૮–૨૦૧૪ ના રોજના પત્રથી તેઓને સંતોષ નથી અને તે પત્ર/માહિતી બાબતે તેઓએ વાંધો ઉપસ્થિત કરેલ છે.અરજદારે એવી પણ રજુઆત કરેલ છે કે તેઓની અપીલ અરજીમાં સત્તાધિકારી તરીકે સ્પષ્ટપણે દર્શાવેલ " નગર નિયોજકશ્રી ડી.એન.બસાક. તથા અરજીના (૪) 'ક'

માં જાહેર માહિતી અધિકારીનું  નામ એસ.ડી.બંગલાવાલા તરીકે જણાવે છે." જેથી, તેઓને ફકત એસ. ડી.બંગલાવાલાના જવાબ સામે અપીલ કરેલ છે. અને તેનો જવાબ જોઈએ છે. તેવી, રજુઆત અરજદારે રૂબરૂમાં કરેલ છે.

–: **હુકમ** :–

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૩૪૩ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનવાણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ તેઓને અત્રેના ખાતાના પત્ર નં. ટીપીડી/ આરટીઆઈ/૩૨૩, થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એસ.ડી.બંગલાવાલા ના તા.૦૬–૦૮–૨૦૧૪ ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ.અરજદારશ્રી ની રૂબરૂ રજુઆતને ધ્યાને લઈ પ્રથમ અપીલ અરજી ટાઉન પ્લાનરશ્રી  (બી) ને સ્પર્શતી હોય, અપીલ તેઓશ્રી ને તબદીલ કરવામાં આવે છે. સદર હકીકત ધ્યાને લઈ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી ટાઉન પ્લાનર (એ) ના કાર્યક્ષેત્ર હેઠળની રજુઆત બાબતે દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(એ)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી રાજુભાઈ સી ઠકકર,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી)**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**–સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન માં નિયમ વિરૂધ્ધ લાગેલ જાહેરાતના બોર્ડ ની ( ન્યુઓન સાઈન બોર્ડ) વિગતો રાઈટ ટુ ઈન્ફોરમેશન ૨૦૦૫ મુજબ આપવા બાબત.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રીરાજુભાઈ સી ઠકકર,ની તા.૨૯–૦૧–૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૨૨૮૧)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૦૩–૦૨–૧૪નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૮૬૮
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૨–૦૫–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં./૦૪/૦૨–૦૬–૧૪
(૪) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ/૧૪, તા.૦૯–૦૬–૨૦૧૪.

અરજદારશ્રી રાજુભાઈ સી ઠકકર,ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૧–૦૨–૧૪ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરેતા.૦૩–૦૨–૧૪ના રોજ સંદર્ભ(૨)થી જાહેર માહિતી અધિકારી અને ઈનચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (શહેર વિકાસ ખાતું) તબદીલ કરેલ છે. સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૨–૦૬–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૧૩–૦૬–૧૪ ના રોજ સવારે :૧૧:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૨૨૮૧–ની માહિતી મુદત વિતી ગયા પછી અપૂરતી,અધુરી,ખોટી, તેમજ માંગેલી માહિતી માંથી ઘણી માહિતી ન મળવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૧૩–૦૬–૧૪ ના રોજ અરજદાર શ્રી રાજુભાઈ સી ઠકકર તેમજજાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર એસ.ડી.બંગલાવાલા વતી આસી.ઈજનેર મનન.ટી. મહેતાસુનવણીમાં હાજર રહેલ. એમને મુળ અરજી સાથે બિડાણમાં ફકત બે કાગળો મળેલ તથા વચ્ચેનુ કાગળ જેમાં મુદા નં. (૪) થી (૧૩) છે તે પત્ર નહી મળેલ જેથી તેઓ માહિતી આપી શકેલ નહી તેમ જણાવેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૨૨૮૧ અન્વયે માંગેલ માહિતી ની વિગત આપવા બાબત.

**–: હુકમ :–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૨૨૮૧ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા તા.૦૩–૦૨–૧૪ નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/૮૬૮ થી સંદર્ભ(૨) થી જાહેર માહિતી અધિકારી અને ઈનચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (શહેર વિકાસ ખાતું) ને તબદીલ કરવામાં આવેલ છે. આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૨૨૮૧ થી માંગવામાં આવેલ માહિતીના નમુના –ક ની અરજી સાથે મુદા નં. (૧) થી (૩) અને મુદા નં. (૧૪),(૧૫) ના પાનાની નકલ મળેલ.પરંતુ,ફકત બે કાગળો બિડાણમાં મળેલ તથા વચ્ચેનુ કાગળ જેમાં મુદા નં. (૪) થી (૧૩) છે તે બિડાણમાં મળેલ નહિ.જેથી,અત્રેના ખાતાને લગતી માહિતી આપી શકાય ન હોય.પરંતુ, આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૨૨૮૧ થી માંગવામાં આવેલ માહિતીના નમુના –ક ની અરજી સાથે મુદા નં. (૪) થી (૧૩) ના પાનાની નકલ અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી ધ્વારા પ્રથમ અપીલ અરજી સાથે તબદીલ થઈને મળેલ. જેથી,સદરહુ મળેલ બિડાણમાં મુદા નં. (૭) ની આંશિક માહિતી ટાઉન પ્લાનીંગ ખાતાને લાગુ પડતી હોય. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ને મુદા નં. (૭) ની માહિતી આર.ટી.આઈ.એકટ હેઠળ ની કલમ –૭ (૬) હેઠળ વિના મુલ્યે અરજદારશ્રીને આપવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી હરિલાલ મોરારભાઈ મિસ્ત્રી,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટ**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ**–ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ મુજબ ટી.પી.૧૧(અડાજણ) અડાજણ પાટીયાથી સીદ્દીકી ટાવર સુધી રસ્તો પહોળો કરવા માટે બી.પી.એમ.સી. એકટની જોગવાઈ મુજબ સ્થાયી સમિતિએ મંજુર કરેલ ઠરાવ,સુરત મહાનગરપાલિકા તેમજ ગુજરાત સરકારશ્રીમાં કરેલ વેરીએશન અંગેની દરખાસ્ત અને ટી.પી. કમિટીના વેરીએશનનાં ઠરાવની નકલ.

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી હરિલાલ મોરારભાઈ મિસ્ત્રી,ની તા.૦૬–૦૫–૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૨૪૯)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટના તા. ૧૨–૦૫–૧૪નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૧૧૧
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૧૧–૦૬–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં./૦૫/૨૦–૦૬–૧૪
(૪)અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ/, તા.૨૩–૦૬–૨૦૧૪.

અરજદારશ્રી હરિલાલ મોરારભાઈ મિસ્ત્રી,ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૮–૦૫–૧૪ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી આર્કિટેકટે તા.૧૨–૦૫–૧૪ના રોજ સંદર્ભ(૨)થી અરજદારને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૦–૦૬–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૪) હેઠળના પત્રથી અરજદારને તા.૦૧–૦૭–૧૪ ના રોજ સવારે :૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૨૪૯–ની નિયમ ૫ (૧) (ક) રજુ કર્યા ના ૩૦ દિવસમાં નમુના 'ખ' કે 'ગ' માં પ્રતિભાવ ન મળવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૦૧–૦૭–૧૪ ના રોજ અરજદારશ્રી હરિલાલ મોરારભાઈ મિસ્ત્રી તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એ.કે.ટેલર. સુનવણીમાં હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૨૪૯ અન્વયે ટી.પી. સ્કીમ નં.૧૧ (અડાજણ)

અડાજણ પાટીયાથી સીદ્દીકી ટાવર સુધી રસ્તો પહોળો કરવા માટે સ્થાયી સમિતીએ મંજુર કરેલ ઠરાવ,દરખાસ્ત તેમજ ટી.પી. કમિટીના ઠરાવ ની વેરીએશનની નકલઆપવામાં આવેલ ન હોય તે આપવા જણાવેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

અરજદારશ્રી ધ્વારા માંગવામાં આવેલ સ્થાયી સમિતિએ મંજુર કરેલ ઠરાવ દરખાસ્ત તેમજ વેરીએશન સંદર્ભે ટી.પી. કમિટીના કોઈ ઠરાવ થયેલ ન હોવાનું જણાવેલ.

**–: હુકમ :–**

ટી.પી. સ્કીમ નં. ૧૧ (અડાજણ ) માં અડાજણ પાટીયાથી સીદ્દીકી ટાવર સુધી રસ્તો પહોળો કરવા માટે અરજદારશ્રી ધ્વારા મુદા નં. (૧) થી (૩) હેઠળ માંગેલ માહિતી અન્વયે આસી.ઈજનેરશ્રીના જણાવ્યા મુજબ સ્થાયી સમિતિ ધ્વારા ઉપરોકત વિષય બાબતે કોઈ ઠરાવ કે દરખાસ્ત સમિતિ સમક્ષ કે સરકારશ્રી સમક્ષ કરવામાં આવેલ નથી. અરજદારશ્રી ધ્વારા દર્શાવેલ ત્રણે મુદાઓની મુદાવાઈસ સ્પષ્ટતા કરી અરજદારશ્રી ને દિન –૩ માં પ્રત્યુત્તર પાઠવવા હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી નાસીરખાન સીમેન્ટવાલા,**
**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી)**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**–લિંબાયત ઝોનમાં સમાવિષ્ટ સાગર ટેક્ષટાઈલ માર્કેટ વાળી જમીન સીટી સર્વે નં. ૧૫૯૪ તથા ૧૫૯૫ ટી.પી. સ્કીમ નં. ૮ ( ઉમરવાડા),હિસ્સા નં. ૧ થી ૧૨ ની સંપૂર્ણ માહિતી આપવા બાબત. ( મુદા નં. ૧ થી ૧૨)

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા **,**ની તા.૨૧–૦૯–૧૩ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૩૫૮)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૨–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૫૭
(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૨–૧૦–૧૩નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૫૮
(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૧–૦૭–૧૩ ની પ્રથમ અપીલ ઈ.નં./૦૭/૨૩–૦૭–૧૪
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/આ/અપીલ/૨૧, તા.૨૪–૦૭–૨૦૧૪.

અરજદારશ્રી નાસીરખાન સીમેન્ટવાલા**,**ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૬–૦૯–૧૩ના રોજ મળેલ.જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૨૨–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૨) થી પ્રત્યુત્તર પાઠવેલ છે.જેમાં તેઓએ અરજદારને મુદા નં. (૩),(૪) અને (૫) અન્વયે સ્પષ્ટતા આપી માહિતી પુરી પાડેલ છે જે બાબતે માહિતી/રેકર્ડ નથી તે બાબત પણ સંદર્ભ હેઠળના પત્રથી જણાવેલ છે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૨૨–૧૦–૧૩ના રોજ સંદર્ભ(૩) થી જાહેર માહિતી અધિકારી અને ઈનચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી (શહેર વિકાસ ખાતું)ને મુદા નં. (૧)ની અને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી ને (લિબાયત ઝોન) ને મુદા ન. (૨),(૬),(૭) અને (૮) ની સંપૂર્ણ માહિતી માટે તબદીલ કરેલ છે. સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૩–૦૭–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૩૦–૦૭–૧૪ ના રોજ સવારે :૧૨:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

" તા.૨૧–૦૯–૨૦૧૩ ના રોજ ની આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં. ૩૫૮ ની માહિતીનો કોઈ જવાબ આપેલ ન હોય, ના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

તા.૩૦–૦૭–૧૪ ના રોજ અરજદાર શ્રી નાસીરખાન સીમેન્ટવાલા હાજર રહેલ નહિ તેમજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર અશ્વિન કે ટેલર સુનવણીમાં હાજર રહેલ.

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી અન્વયેતા. ૨૨–૧૦–૨૦૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા મુદા નં. (૧) ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ઈનચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારી અને મુદા નં. (૨),(૬),(૭), અને (૮) ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર (લિંબાયત ઝોન) ને તબદીલ કરવામાં આવેલ, ટી.પી.સ્કીમ અનુસારના નકશાની પાર્ટ પ્લાનની નકલ તથા 'બ' ફોર્મ ની નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી નકલ પાઠવવામાં આવશે, તેમજ મુદા નં. (૩),(૪), અને (૫) ની માહિતી પાઠવેલ છે.

**–: <u>હુકમ</u> :–**

માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૨ (૧) અન્વયે આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી ના જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના પ્રત્યુત્તર બાદ ૩૦ દિવસમાં અપીલ કરી શકાય.પરંતુ, અરજદારશ્રી ધ્વારા ૮(આઠ) માસ બાદ અપીલ કરવામાં આવેલ છે. તા. ૨૨–૧૦–૨૦૧૩ ના રોજ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા મુદા નં. (૧) ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ઈનચાર્જ નાયબ શહેર વિકાસ અધિકારી અને મુદા નં. (૨),(૬),(૭), અને (૮) ની સંપૂર્ણ માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેર (લિંબાયત ઝોન) ને તબદીલ કરવામાં આવેલ, ટી.પી.સ્કીમ અનુસારના નકશાની પાર્ટપ્લાનની નકલ તથા 'બ' ફોર્મ ની નકલ અરજદાર ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી નકલ પાઠવવામાં આવશે, તેમ જણાવેલ છે તેમજ મુદા નં. (૩),(૪), અને (૫) ની માહિતી અરજદારશ્રીને પાઠવેલ છે.( પ્રશ્નવાળી જમીન બાબતે ખુલ્લી જમીનમાં રિઝર્વેશન/એવોર્ડ/વળતર સંબંધી કોઈ પણ વિગત/માહિતી ટાઉન પ્લાનીંગ ખાતાના રેકર્ડ પર ઉપલબ્ધ ન હોય) પરંતુ,હજુ સુધી અરજદારશ્રીએ નકશા/ફોર્મ માટની જરૂરી રકમ ભરપાઈ કરેલ નથી.

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી અન્વયે ટી.પી.સ્કીમ અનુસારના નકશાની પાર્ટ પ્લાનની નકલ તથા 'બ' ફોર્મ ની નકલ અરજદારશ્રી ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (જી) નકલ આપવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારશ્રીની અરજીના મુદ્દાઓ બાબત સ્પષ્ટતા થઈ જતી હોય અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ શ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (આર)**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**– તાલીમમર્થી ત્રીજીશ્રેણી કલાર્ક અંગેની માહિતી

**સંદર્ભઃ**–(૧)અરજદારશ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ ની તા.૧૯–૦૪–૧૪ની માહિતી માંગતી મૂળ અરજી આઈ.ડી.નં.૭૫
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરના તા. ૨૮–૦૮–૧૪નો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૩૬૫
(૩)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૩–૦૫–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં./૦૮/૨૭–૦૮–૧૪

અરજદારશ્રી પિયુષભાઈ ઠાકોરભાઈ પટેલ ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૪–૦૪–૧૪ના રોજ મળેલ.જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૨૮–૦૮–૧૪ના રોજ સંદર્ભ(૨) થી પ્રત્યુત્તર પાઠવેલ છે.સંદર્ભ (૩) હેઠળના પત્રથી તબદીલ થઈને ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૨૭–૦૮–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે.

–: **હુકમ** :–

માહિતી અધિકારી અધિનિયમ–૨૦૦૫ ની આર.ટી.આઈ. એકટ નમુના–કની આઈ.ડી. નં. ૭૫ અરજી સંદર્ભે માંગવામાં આવેલ માહિતી અન્વયે ત્રીજી શ્રેણી કલાર્કશ્રી ભાગ્યેશ પી ઘીવાલા કર્મચારી નં. ૩૩૧૫૦ (હાલ કર્મચારી નં. ૩૯૮૩૨) અત્રેના ટાઉન પ્લાનીંગ ખાતામાં ફરજ બજાવેલ નથી.જેથી અત્રેથી કોઈ માહિતી આપવાની થતી નથી. પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારશ્રીની અરજીના મુદ્દાઓ બાબત સ્પષ્ટતા થઈ જતી હોય અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**

**સુરત મહાનગરપાલિકા**

**અરજદારઃ** **શ્રી જીજ્ઞેશ જી સુતરીયા,**

**સામાવાળાઃ** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એસ.ડી.બંગલાવાળા,**
**ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ**–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ની તા.૦૧–૦૭–૨૦૧૪ થી ટી.પી. ૩ ફા.પ્લોટ ના ૫૮ માં કેટલા કબ્જેદાર છે તેની વિગતવાર માહિતી.

**સંદર્ભઃ**– (૧)અરજદાર શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ની તા.૦૧–૦૭ –૧૪ની માહિતી માંગતી મૂળ અરજી (આઈ.ડી.નં.૩૪૩)
(૨)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૦૬–૦૮–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૩૨૪
(૩)જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીના તા. ૦૬–૦૮–૧૪નો પત્ર નં.ટીપીડી/ આરટીઆઈ/આ/૩૨૩
(૪)અરજદારશ્રીની અપીલ અધિકારી–ટાઉન પ્લાનીંગ ખાતાને ઉદ્દેશીને કરેલ તા.૨૨–૦૮–૧૪ ની પ્રથમ અપીલ ઈ.નં.૦૯/૩૦–૦૮–૧૪
(૫) અત્રેનો પત્ર નં. ટીપીડી/આરટીઆઈ/અપીલ/આ/૨૫, તા.૧૭–૦૯–૨૦૧૪.

અરજદાર શ્રી જીજ્ઞેશ જી સુતરીયા ઉપરોકત વિષય અંગેના સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી તબદીલ થઈને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૦૬–૦૮–૧૪ ના રોજ મળેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૦૬–૦૮–૧૪ના રોજ સંદર્ભ(૨) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (વરાછા ઝોન) ને તબદીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરે તા.૦૬–૦૮–૧૪ના રોજ સંદર્ભ(૩) થી અરજદારશ્રી ને પ્રત્યુત્તર પાઠવેલ.સંદર્ભ (૪) હેઠળના પત્રથી તબદીલ થઈને અપીલ અધિકારીશ્રી, ટાઉન પ્લાનીંગ વિભાગને તા.૩૦–૦૮–૧૪ના રોજ પ્રથમ અપીલ અરજી મળેલ છે. અરજદારની અપીલ અરજી અન્વયે સંદર્ભ(૫) હેઠળના પત્રથી અરજદારને તા.૨૨–૦૯–૨૦૧૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર રહેવા જણાવેલ.

તા.૨૨–૦૯–૧૪ના રોજ અરજદારશ્રી જીજ્ઞેશ જી સુતરીયા અપીલની સુનાવણીમાં હાજર રહેલ નહી.

**સદરહુ અપીલ અરજીમાં અરજદારે અપીલ કરવાના કારણો નીચે જણાવ્યા મુજબ છે.**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૩૪૩ રજુ કર્યાના ૩૦ દિવસમાં નમુના–'ખ' કે 'ગ' માં પ્રતિભાવ ન મળવાના કારણોસર નારાજ થઈ અપીલ કરેલ છે."

**સુનાવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલઃ–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૩૪૩ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા મુદા નં. (૨),(૪),અને (૯)ની માહિતી નાણા ભરપાઈ થયેથી આપવામાં આવશે.તેમજ મુદા નં. (૧૧) ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (વરાછા ઝોન)ને અંશત માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે."

**–: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી આઈ.ડી. નં.૩૪૩ અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર ધ્વારા મુદા નં. (૨),(૪),અને (૯)ની માહિતી નાણા ભરપાઈ થયેથી આપવામાં આવશે.તેમજ મુદા નં. (૧૧) ની માહિતી માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી (વરાછા ઝોન)ને અંશત માહિતી માટે તબદીલ કરવામાં આવેલ છે."

આર.ટી.આઈ. એકટ નમુના–કની અરજી અન્વયે ટી.પી. ૩ પર આવેલ વર્ષા સોસાયટી–૧ સરકારશ્રીના જાહેરનામા, ફા.પ્લોટ નં. ૫૮માં કેનાલ ના મંજુર અંતિમ યોજનાના પાર્ટ પ્લાનની નકલ તેમજ અંતર્ગત ફા.પ્લોટ નં. ૫૮(સેલ ફોર રેસીડન્શીયલ યુઝ)ના નામદાર સરકારશ્રીના તા.૧૪–૦૭–૧૯૯૩ના જાહેરનામાથી યોજનાની પ્રારંભિક યોજના તરીકેની મંજુરીની નકલ અરજદારશ્રી ધ્વારા નાણાં ભરપાઈ કર્યેથી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી) નકલ આપવા આથી હુકમ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**નગર નિયોજક(બી)**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :–તા.૩૦–૦૯–૨૦૧૪,**

**અરજદારશ્રી :– શ્રી હરીશકુમાર ચંપંકલાલ સૂર્યવંશી**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશીની તા.૦૨/૦૮/૧૪ ની આઈ.ડી નં.૯૭૩ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :–** (૧) અરજદારશ્રી હરીશકુમાર ચંપંકલાલ સૂર્યવંશીની તા.૦૨/૦૮/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૯૭૩ થી કરેલ.

(૨) જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ઈજનેરશ્રી,સેન્ટ્રલ ઝોન ધ્વારા તા.૦૪/૦૮/૧૪ ના પત્ર નં. સે.ઝોન/આરટીઆઈ/જાવક/૧૪૨૨ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ને તબદીલ કરવામાં આવી. જે ટાઉન પ્લાનીંગ ખાતામાં તબદીલ થઈ આવેલ અરજી ટીપીડી/આર.ટી.આઈ/૧૬૧ થી તા.૦૫/૦૮/૨૦૧૪ થી નોંધવામાં આવેલ.

(૩) અરજદારશ્રીને જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા તરફથી તા.૩૦/૦૮/૧૪ ના પત્ર નં.: ટીપીડી/આરટીઆઈ/૩૬૯ થી માહિતી / જવાબ આપેલ અને નિયત ફી જમા કરાવી નકલ મેળવવા જણાવેલ.

(૪) અરજદારશ્રી દ્વારા રસીદ નં.૧૪૭૯૯ તા.૦૬/૦૯/૧૪ થી નિયત ફી જમા કરાવેલ હોય, અને તે મુજબની જાણ ટાઉન પ્લાનીંગ ખાતામાં પત્ર નં.સીસીસી/સી ઝોન/આઉટ/૭૬૫ તા.૦૬/૦૯/૧૪ થી કરેલ જે અન્વયે ટાઉન પ્લાનીંગ ખાતના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/ ૩૯૭ તા.૧૧/૦૯/૧૪ થી નકલો પાઠવવામાં આવેલ.

(૫) જાહેર માહિતી અધિકારી અનેડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા ધ્વારા આપેલ જવાબથી નારાજ થઈ અરજદારશ્રી શ્રી હરીશકુમાર ચંપંકલાલ સૂર્યવંશી ધ્વારા સુરત મહાનગરપાલિકાની ટાઉન પ્લાનીંગ કચેરીમાં નમુનો ' ચ ' થી તા.૩૦/૦૯/૧૪ થી કરેલ અપીલ અરજી ઉકત કચેરીમાં નં.ટીપીડી/આરટીઆઈ/અપીલ/૧૦ થી નોંધણી કરેલ.

(૬) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૦૭/૧૦/૨૦૧૪ ના ટીપીડી/ આરટીઆઈ/આ/ પ્રથમ અપીલ નં.૨૮ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.

અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશી તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં આઈ.ડી. નં.: ૯૭૩, તા.૦૨/૦૮/૧૪ થી કરેલ. સેન્ટ્રલ ઝોન કચેરી ધ્વારા ઉકત અરજી તા.૦૪/૦૮/૨૦૧૪ ના પત્ર નં.

સે.ઝોન/ આરટીઆઈ/ જાવક/૧૪૨૨ થી ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. ટાઉન પ્લાનીંગ ખાતામાં સંદર્ભ (૨) હેઠળ તબદીલ થઈ આવેલ અરજી ટીપીડી/આર.ટી.આઈ/૧૬૧ તા.૦૫/૦૮/૨૦૧૪ થી નોંધવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, (સી) ધ્વારા અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશીને માહિતી / જવાબ નિયત સમયમર્યાદામાં સંદર્ભ (૩) હેઠળના તા.૩૦/૦૯/૧૪ ના પત્રથી આપેલ અને નિયત ફી જમા કરવા જણાવેલ. અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશી દ્વારા નિયત ફી જમા કરાવ્યેથી સંદર્ભ (૪) હેઠળના તા.૧૧/૦૯/૧૪ના પત્ર થી નકલો પાઠવવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાએ અરજદારને પાઠવેલ જવાબથી નારાજ થઈ, અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશી ધ્વારા સંદર્ભ (૫) મુજબ તા.૩૦/૦૯/૧૪ થી સુરત મહાનગરપાલિકાના ટાઉન પ્લાનીંગ ખાતામાં નમુના–' ચ ' પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. ઉકત અરજી તા.૩૦/૦૯/૧૪ ના રોજ ટીપીડી/આરટીઆઈ/અપીલ/૧૦ થી નોંધવામાં આવેલ. અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને સંદર્ભ (૬) હેઠળના તા.૦૭/૧૦/૧૪ ના રોજ ના પત્ર થી સદર કામે રૂબરૂ સુનાવણી માટે તા.૧૦/૧૦/૨૦૧૪ ના રોજ હાજર રહેવા જાણ કરેલ. જે મુજબની સુનાવણીની તા.૧૦/૧૦/૧૪ ના રોજ અરજદાર શ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશીએ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર થઈ ટાઉન પ્લાનીંગ ખાતા તરફથી તેઓને તેઓની મૂળ અરજી અન્વયે અપાયેલ માહિતી / નકલોમાં અધૂરી હોવાની તથા તેમાં તેઓશ્રીએ માંગેલ માહિતીનો સમાવેશ થતો નહિ હોવાની રજુઆત કરેલ જે સંદર્ભે સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી બંગલાવાલા ધ્વારા તેઓ તરફથી અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી મૂળ અરજીથી માંગ્યા મુજબની ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ તમામ માહિતી / નકલો અરજદારશ્રીને પાઠવવામાં આવેલ હોવાની સ્પષ્ટતા કરી અરજદારશ્રી ઈચ્છે તો ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું નિરિક્ષણ આપવા પ્રસ્તાવના કરેલ છે. જે ધ્યાને લેતાં અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી હરીશકુમાર ચંપકલાલ સૂર્યવંશીની તા.૦૨–૦૮–૧૪ ની અરજી સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા ધ્વારા માહિતી / જવાબ અરજદારશ્રીને તા.૩૦/૦૯/૧૪ તથા તા.૧૧/૦૯/૧૪ ના રોજથી નિયત સમય મયાર્દામાં આપવામાં આવેલ છે. અરજદારે તેઓને આપવામાં આવેલ ઉકત મુજબની માહિતી / પ્રત્યુતરથી નારાજ થઈ તા.૩૦/૦૯/૧૪ ના રોજ અપીલ કરેલ. અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને તા.૧૦/૧૦/૧૪ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહી રજુઆત કરવાની જાણ કરવામાં આવેલ. જે અન્વયે તા.૧૦/૧૦/૨૦૧૪ના રોજ અપીલ સુનાવણી દરમ્યાન હાજર રહી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ

અરજદારશ્રીને દિન–૭(સાત)માં નિયમોનુસાર ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ રેકર્ડનું રૂબરૂ નિરિક્ષણ આપવા તથા રેકર્ડ નિરિક્ષણમાં અરજદારશ્રી ધ્વારા જે માહિતી / નકલો માંગવામાં આવે તે પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હુકમ કરવામાં આવે છે.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી નો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર ભવન, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજીઃ તા.૧૦–૧૦–૨૦૧૪**

**<u>અરજદારઃ</u>** **શ્રીમતી પુર્ણિમા અનુપમ ચેવલી**

**<u>સામાવાળાઃ</u>** **જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી, અશ્વિન કે. ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકતઃ</u>**

**વિષયઃ–** આર.ટી.આઈ.એકટ–૨૦૦૫ હેઠળ શ્રીમતી પુર્ણિમા અનુપમ ચેવલીની તા.૨૦–૦૯–૨૦૧૪ અરજી આઈ.ડી.નં.૧૪૧૫ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૦/૦૯/૨૦૧૪ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૧૪૧૫).
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલઝોનનો પત્ર નં.આર.ટી.આઈ સેલ/ જાવક / ૨૦૧૭, તા.૨૨/૦૯/૨૦૧૪.
(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૭૩, તા.૦૭–૧૦–૨૦૧૪.
(૪) આપશ્રીની અપીલ અરજી તા.૧૦–૧૦–૨૦૧૪.
(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/આ/૩૦–I અપીલ તા.૨૦–૧૦–૨૦૧૪.

અરજદાર શ્રીમતી પુર્ણિમા અનુપમ ચેવલી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતીના મુદ્દા નંબર ૧ થી ૪ નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન કે. ટેલર ધ્વારા અરજદારશ્રીને તા.૦૭–૧૦–૨૦૧૪ના પત્રથી જવાબ / માહિતી પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રીએ સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ આરટીઆઈ/ પ્રથમ અપીલ ઈ.નં. ૧૧, તા. ૧૩–૧૦–૨૦૧૪ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી દ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૨૦/૧૦/૧૪ ના પત્રથી શ્રીમતી પુર્ણિમા અનુપમ ચેવલી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન કે . ટેલરને તા.૨૮–૧૦–૨૦૧૪ના રોજ ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સુનાવણીમાં અરજદાર શ્રીમતી પુર્ણિમા અનુપમ ચેવલી તથા મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી અને આસી. ઈજનેરશ્રી હીરલ દોરીવાલા હાજર રહેલ હતા.

**સુનવણી દરમ્યાન અરજદારે રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ**

અરજદારશ્રી ધ્વારા અરજીમાં જણાવેલ મુદ્દા નં. (૧) થી (૪)ની માહિતી મળેલ ન હોવાની રજુઆત કરેલ.

**સુનવણી દરમ્યાન જાહેર માહિતી અધિકારીશ્રીએ રૂબરૂમાં નીચે મુજબ રજુઆત કરેલ**

અરજદારશ્રીની આર.ટી.આઈ. એકટ હેઠળ માંગવામાં આવેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગના કાર્યક્ષેત્ર હેઠળ આવતી ન હોય શહેર વિકાસ વિભાગને સંલગ્ન હોય શહેર વિકાસ વિભાગને તા.૦૭/૧૦/૧૪ થી તબદીલ કરી તેની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ છે. શહેર વિકાસ વિભાગનો સંપર્ક કરવા અત્રેના પત્ર નં. ટીપીડી/ આર.ટી.આઈ. / ૪૭૮, તા.૦૭/૧૦/૧૪ થી જણાવવામાં આવેલ. રૂબરૂ સુનાવણીમાં પણ અરજદારશ્રીને આ અંગે સમજ આપવામાં આવેલ છે તથા અરજદારશ્રીએ ઉકત તા.૦૭/૧૦/૧૪ ના પત્રની નકલની માંગણી કરતા અરજદારશ્રીને સદર પત્રની નકલ ફરીથી આપવામાં આવેલ છે.

–: <u>હુકમ</u> :–

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૪૧૫ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન કે. ટેલરના તા.૦૭–૧૦–૨૦૧૪ ના રોજના તબદીલપત્ર મળેલ ન હોય નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ. અરજદારશ્રી ધ્વારા અરજીના મુદ્દા નં. (૧) થી (૪) થી માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી ન હોય, શહેર વિકાસ વિભાગને લગતી હોય તેને જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની જાણ હેઠળ નિયત સમયમર્યાદામાં તબદીલ કરવામાં આવેલ છે. જે પત્રની નકલ અરજદારશ્રીને મળેલ ન હોવાની તેઓની રજુઆત અન્વયે અત્રેથી મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રીને સદર પત્રની નકલ અરજદારશ્રીને આપવા જણાવતાં મદદનીશ જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને સદર પત્રની નકલ તુરંત પુરી પાડવામાં આવેલ છે તથા જે અંગે અરજદારશ્રીએ સંતોષ વ્યકત કરેલ છે. જે હકીકતો ધ્યાને લઈ અરજદારશ્રી ધ્વારા ઉપસ્થિત કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી અશ્વિન કે. ટેલરને વધુ

કોઈ હુકમ કરવાનો રહેતો નથી. આમ, આ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર– ૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૨૨–૦૮–૨૦૧૪**

**અરજદારઃ શ્રી અશોક શંકર પાટીલ,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એસ.ડી.બંગલાવાળા, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

વિષયઃ–આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી અશોક શંકર પાટીલ ની તા.૧૫/૦૯/૨૦૧૪ અરજી આઈ.ડી.નં. ૧૩૨૦ થી માંગેલ માહિતી બાબત.

સંદર્ભઃ– (૧) આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૫/૦૯/૨૦૧૪ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૧૩૨૦).
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં.આર.ટી.આઈ સેલ/જાવક/૧૯૨૭,તા.૧૬/૦૯/૨૦૧૪.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૬૪, તા.૨૯–૦૯–૨૦૧૪.
(૪) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૧૧, તા.૨૦–૧૦–૨૦૧૪.
(૫) આપશ્રીની અપીલ અરજી તા.૦૭–૧૧–૨૦૧૪.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૬૬, તા.૧૪–૧૧–૨૦૧૪.

અરજદાર શ્રી અશોક શંકર પાટીલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી વરાછા ઝોન ઓફિસ સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. સદરહુ અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતી નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૯–૦૯–૨૦૧૪ના પત્રથી નિયમોનુસાર ફી ભરવા જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૧૩, તા.૦૭–૧૧–૨૦૧૪ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૪)હેઠળના તા.૨૦–૧૦–૨૦૧૪ ના પત્રથી શ્રી અશોક શંકર પાટીલ તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૧૮–૧૧–૨૦૧૪ના રોજ સવારે ૧૧:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને ટાઉન પ્લાનરશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં સુનાવણીમાં અરજદારશ્રી અશોક શંકર પાટીલ તથા મદદનીશ માહિતી અધિકારીશ્રી અને આસી.ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી માંગ્યા મુજબની ન હોવાની રૂબરૂમાં રજુઆત કરવામાં આવેલ.

**–: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૩૨૦ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાના તા.૨૯–૦૯–૨૦૧૪ ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા અનુસાર નિયમોનુસાર ફી ભરાવી જરૂરી રેકર્ડ અરજદારશ્રીને આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે અરજદાર આપેલ માહિતીથી અસંતુષ્ટ થઈ સદર અપીલ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેથી અરજદારશ્રીને સદરહુ બાબતે કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ નિરીક્ષણ કરવા અંગેનો પ્રસ્તાવ આપવામાં આવેલ.જેનો અરજદારશ્રી ધ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે. તેમ છતાં અરજદારશ્રી ઈચ્છે તો , તેઓને નિયમોનુસાર રેકર્ડ નિરિક્ષણ આપવા તથા તે અંગે જરૂરી પ્રબંધ કરી આપવા તેમજ તે અન્વયે અરજદારશ્રી ધ્વારા માંગણી કર્યા મુજબની માહિતી/નકલો, માંગણી કર્યેથી દિન–૩ માં અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રી ને હુકમ કરવામાં આવે છે."

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૦૭–૧૧–૨૦૧૪**

**અરજદારઃ શ્રી અશોક શંકર પાટીલ,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર,એસ.ડી.બંગલાવાળા,
ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી અશોક શંકર પાટીલ ની તા.૧૫/૦૯/૨૦૧૪ અરજી આઈ.ડી.નં.૧૩૨૧ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૫/૦૯/૨૦૧૪ના રોજની અરજી. (આઈ.ડી.નં. ૧૩૨૧).
(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં.આર.ટી.આઈ સેલ/જાવક/૧૯૨૮,તા.૧૬/૦૯/૨૦૧૪.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૪૬૫, તા.૨૬–૦૯–૨૦૧૪.
(૪) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૧૧, તા.૨૦–૧૦–૨૦૧૪.
(૫) આપશ્રીની અપીલ અરજી તા.૦૫–૧૧–૨૦૧૪.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૫૬૭, તા.૧૪–૧૧–૨૦૧૪ .
(૭) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૩૭, તા.૨૮–૧૧–૨૦૧૪ .

અરજદાર શ્રી અશોક શંકર પાટીલ ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી વરાછા ઝોન ઓફિસ સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. સદરહુ અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતી નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને તા.૨૯–૦૯–૨૦૧૪ના પત્રથી નિયમોનુસાર ફી ભરવા જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ ઈ.નં. ૧૨, તા.૦૭–૧૧–૨૦૧૪ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ(૪)હેઠળના તા.૨૦–૧૦–૨૦૧૪ ના પત્રથી શ્રી અશોક શંકર પાટીલ તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૨૦–૧૧–૨૦૧૪ના રોજ સવારે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે સદર તારીખ તથા સમયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી કચેરીના કામે વ્યસ્ત હોય રૂબરૂ સુનાવણી શકય બનેલ નથી. જેથી સંદર્ભ(૪)હેઠળના તા.૨૦–૧૦–૨૦૧૪ ના પત્રથી શ્રી અશોક શંકર પાટીલ તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૦૫–૧૨–૨૦૧૪ના રોજ સવારે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં સુનાવણીમાં અરજદારશ્રી અશોક શંકર પાટીલ તથા મદદનીશ માહિતી અધિકારીશ્રી અને આસી.ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા તેમના ધ્વારા માંગવામાં આવેલ માહિતી માંગ્યા મુજબની ન હોવાની રૂબરૂમાં રજુઆત કરવામાં આવેલ.

**–: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૩૨૧ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાના તા.૨૯–૦૯–૨૦૧૪ ના રોજના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની અરજીમાં જણાવ્યા અનુસાર નિયમોનુસાર ફી ભરાવી જરૂરી રેકર્ડ અરજદારશ્રીને આપવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જે અન્વયે અરજદાર આપેલ માહિતીથી અસંતુષ્ટ થઈ સદર અપીલ કરવામાં આવેલ છે. જે અન્વયે અત્રેથી અરજદારશ્રીને સદરહુ બાબતે કચેરીમાં ઉપલબ્ધ રેકર્ડ નિરીક્ષણ કરવા અંગેનો પ્રસ્તાવ આપવામાં આવેલ.જેનો અરજદારશ્રી ધ્વારા અસ્વીકાર કરવામાં આવેલ છે. તેમજ અરજદારશ્રી ધ્વારા તેમની અરજીમાં મુદદા નં ૩ થી ૬ અન્વયે આપેલ માહિતી અંગે નોંધ વિભાગની નકલ આપવા કરેલ માંગણી અન્વયે સદર નકલો તથા મુદ્દા નં. ૭ અને ૮ અન્વયેની ટાઉન પ્લાનીંગ ખાતાના સંબંધિત જાહેર માહિતી અધિકારી અને અપીલ અધિકારીની માહિતી આપવાની અરજદારશ્રીની રજુઆત અન્વયે સદર માહિતી દિન–૭માં અરજદારશ્રીને પુરી પાડવા તથા અરજદારશ્રી ઈચ્છે તો તેઓને રેકર્ડ નિરિક્ષણ કરવા જરૂરી પ્રબંધ કરી આપવા તથા રેકર્ડ નિરિક્ષણ અન્વયે અરજદારશ્રી દ્વારા માંગણી કરવામાં આવે તો માહિતી/ નકલો નિયમાનુસાર પુરી પાડવા જાહેર માહિતી અધિકારીશ્રીને હુકમ કરવામાં આવે છે."

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં. ૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૦૯/૧૨/૨૦૧૪

**અરજદાર :** શ્રી જસવંત સિંહ એ બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી જસવંત સિહ એ. બ્રહમભટ્ટની તા.૧૪/૧૦/૨૦૧૪ના રોજની આઇ.ડી.નં.૧૬૧૯ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૪/૧૦/૨૦૧૪ના રોજની અરજી આઇ.ડી.નં.૧૬૧૯
(૨) ડે.ઇજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોનનો તા.૧૬/૧૦/૨૦૧૪નો પત્ર નં.સે.ઝોન/આર.ટી.આઇ/જાવક/૨૨૯૩
(૩) જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી)નો તા.૧૨/૧૧/૨૦૧૪ નો પત્ર નં.સી/૨૮૮૯
(૪) અત્રેનો તા.૦૧/૧૨/૨૦૧૪નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ–૫૯૨
(૫) આપશ્રીની અપીલ અરજી તા.૦૯/૧૨/૨૦૧૪
(૬) અત્રેનો તા.૧૫/૧૨/૨૦૧૪નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/અપીલ/૪૦

અરજદારશ્રી જસવંતસિંહએ.બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ (૧)હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુનિસીપલ કમિશનરશ્રીની કચેરીખાતે કરવામાં આવેલ. સદર અરજી ડે.ઇજનેર અને જાહેર માહિતી અધિકારી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી સુરત માનગરપાલિકાના જુદા–જુદા ચાર વિભાગે તબદીલ કરવામાં આવેલ. જે પૈકી જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) ધ્વારા સદર અરજી સંદર્ભ (૩) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તબદીલ કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી અશ્વિન કે. ટેલર ધ્વારા સદર

અરજી સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કને પરત તબદીલ કરવામાં આવેલ તથા તે મુજબની જાણ અરજદારશ્રીને પણ કરવાામં આવેલ. જેનાથી નારાજ થઇ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામાં ટીપીડી/આર.ટી.આઇ/પ્રથમ અપીલ ઇ.નં.૧૪, તા.૦૯/૧૨/૨૦૧૪થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૩)હેઠળના તા.૧૫/૧૨/૨૦૧૪ના પત્રથી શ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી) શ્રી અશ્વિન કે. ટેલરને તા.૨૦/૧૨/૨૦૧૪ના રોજ સાંજે ૪ઃ૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે અપીલ અધિકારીશ્રી ધ્વારા કચેરીના કામની વ્યસ્તતા/સાંજના સમયની અન્ય અગત્યની મીંટીંગોને ધ્યાનમાં રાખી રૂબરૂ સુનાવણી માટે તા.૨૦/૧૨/૨૦૧૪ના બપોરે ૧૨ઃ૦૦ કલાકે હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી જસવંતસિંહ એ.બ્રહમભટ્ટ અને ડે.ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા "માહિતી માંગતી તેઓની સંદર્ભ (૧) હેઠળની અરજીમાં જણાવ્યા મુજબના તેઓના મુળ તા.૦૯–૧૦–૨૦૧૪ના પત્ર સંદર્ભે ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા થયેલ કાર્યવાહી અંગેની  માહિતી / વિગતો તેઓને પુરી પાડવામાં આવેલ નહી હોવાની રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા "માંગ્યા મુજબની ગેરકાયદેસર બાંધકામ અંગેની માહિતી" તેઓને (ટાઉન પલાનીંગ ખાતા) સ્પર્શતી નહિ હોવાથી તથા સદર બાબત મધયસ્થ કચેરી સંલગ્ન હોય, તેઓ ધ્વારા સદર માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમશ્રેણી કલાર્ક મધ્યસ્થ કચેરીને પરત કરેલ હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–ઃહુકમઃ–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૧૬૧૯ અન્વયે અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણી દરમીયાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી)શ્રી અશ્વિન કે.ટેલરના તા.૦૧/૧૨/૨૦૧૪ના રોજના પત્રથી નારાજ થઇ અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કરેલ. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની અરજીમાં જણાવેલ માહિતી/વિગતો તેઓના વિભાગને સ્પર્શતી ન હોવાનું જણાવેલ છે. સંદર્ભ (૧)હેઠળની અરજદારશ્રીની માહિતી માંગતી અરજીમાં તેઓના તા.૦૯–૧૦–૨૦૧૪ના મુળ પત્ર / અરજી અંગે ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા થયેલ કાર્યવાહીની માહિતીની માંગણી કરેલ છે તે અન્વયે જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અગરતો તેઓના વિભાગ ધ્વારા જે કોઇ પણ કાર્યવાહી કરવામાં આવેલ હોય તે અંગેની માહિતી દિન ૩ માં વિના મૂલ્યે અરજદારશ્રીને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી (સી) શ્રી અશ્વિન કે.ટેલરને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે

ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેરવિકાસઅધિકારી**
**સુરતમહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૦૪/૦૨/૨૦૧૫

**અરજદાર :** શ્રી આર.બી. મેદપરા(એડવોકેટ)

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(ડી), મીના એમ ગજ્જર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી આર.બી.મેદપરા તા.૦૧/૧૨/૨૦૧૪ના રોજ આઇ.ડી.નં.૪૧ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૧/૧૨/૨૦૧૪ના રોજની અરજી આઇ.ડી.નં.૪૧
(૨) અત્રેનો તા.૧૬/૧૨/૨૦૧૪નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ–૬૨૩.
(૩) અત્રેનો તા.૨૯/૧૨/૨૦૧૪નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ–૬૫૫.
(૪) સેન્ટ્રલ ઝોન/સીવીક સેન્ટર/આ/૧૨૩૧, તા.૦૨–૦૧–૨૦૧૫
(૫) અત્રેનો તા.૦૮/૦૧/૨૦૧૫ નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઇ–૬૮૩.
(૬) આપશ્રીની તા.૨૭–૦૧–૧૫ ની (સેન્ટ્રલ ઝોન/સીવીક સેન્ટર/આ/૧૩૮૫, તા.૦૪–૦૨–૨૦૧૫) પ્રથમ અપીલ અરજીથી માંગેલ માહિતી બાબત.
(૭) અત્રેનો તા.૨૦/૦૨/૨૦૧૫નો પત્ર નં. ટીપીડી/આર.ટી.આઇ/આ/અપીલ/૫૭.

અરજદારશ્રી આર.બી. મેદપરા ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરને ઉદેશીને ટાઉન પ્લાનીંગ ખાતામાં કરવામાં આવેલ. જાહેર માહિતી

અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) ધ્વારા સદર અરજી સંદર્ભ (૨) હેઠળના પત્રથી અંશતઃ માહિતી આપવા જાહેર માહિતી અધિકારી અને નાયબ શહેર વિકાસ અધિકારીને તબદીલ કરવામાં આવેલ તથા તે મુજબની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી (ડી) ધ્વારા સદર અરજી અન્વયે સંદર્ભ (૩) હેઠળના પત્રથી અરજદારશ્રી ને પ્રત્યુતર પાઠવવામાં આવેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા સેન્ટ્રલ ઝોન, સીવીક સેન્ટરમાં મુદ્દા નં. ૨ અંગેની માહિતી માટે રસીદ નં. ૧૫૫૭૫૩, તા.૦૨–૦૧–૨૦૧૫ ના રોજથી રૂા. ૭૫૦/– જમા કરાવેલ જેની અત્રે સંદર્ભ (૪) હેઠળના પત્રથી જાણ કરેલ. જે મુજબ સંદર્ભ (૫) હેઠળના પત્રથી અરજદારને જરૂરી માહિતી પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ અરજદાર ધ્વારા તા.૨૯–૧૨–૨૦૧૪ તથા તા.૦૮–૦૧–૨૦૧૫ ના હુકમ/પાઠવેલ માહિતી સામે અપીલ અરજી રજુ કરેલ. સદર અપીલ અરજીં ટી.પી.ડી./આર.ટી.આઈ./પ્રથમ અપીલ ઈ.નં.૧૯, તા.૦૫/૦૨/૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૭) હેઠળના પત્રથી અરજદાર શ્રી આર.બી.મેદપરા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી (ડી) ને તા.૨૩/૦૨/૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ.

સદર સુનાવણીમાં અરજદારશ્રી તા.૨૩–૦૨–૨૦૧૫ ના રોજ અપીલ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેલ. જેમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) હાજર રહેલ. જેમાં અરજદાર ધ્વારા તેઓની સંદર્ભ (૬) હેઠળના પત્રથી કરવામાં આવેલ અપીલ જાહેર માહિતી અધિકારી અન ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(ડી) ના તા.૨૯–૧૨–૨૦૧૪ તથા તા.૦૮–૦૧–૨૦૧૫ ના હુકમ સામે નારાજગી/અસંતોષ હોવાનું જણાવી તેઓએ અપીલથી કરેલ રજુઆત બાબતે જરૂરી હુકમો કરવા રજુઆત કરેલ.

ઉકત અપીલ અરજી સંદર્ભમાં જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (ડી) હાજર રહી અરજદાર ધ્વારા કરેલ અપીલ અરજીના મુદ્દા નં. (૨) તથા (૩) મુજબ ટી. પી. સ્કીમ નં. ૮૬ સરસાણા, ભીમરાડના કાચા તથા ફાઈનલ નકશાઓ આપવા જણાવેલ. સદર આ બંને મુદ્દાઓમાં ટી.પી.સ્કીમ નં.૮૬ સરસાણા, ખજોદ, ભીમરાડની કોઈ પણ જમીનનો ઉલ્લેખ કરવામાં આવેલ ન હોય માહિતી ખુબ જ વિસ્તૃત હોય અત્રેથી માલિકીની જમીનના અધતન પુરાવા રજુ કર્યેથી જરૂરી આગળની નિયમાનુસારની કાર્યવાહી કરી મંજુરી મળ્યેથી આપી શકાશે. જે મુજબ જણાવવામાં આવેલ.મુદ્દા નં. (૪) અન્વયે ટી.પી.સ્કીમ નં.૮૬ સરસાણાના બ્લોક નં.૧૨૭ થી ૧૪૫માં કેટલી કપાત થાય છે તેમજ મંજુરીઓ તથા પરમીશનની સંપૂર્ણ લેખિત માહિતી માંગેલ. જે અન્વયે અરજદારશ્રી ધ્વારા જણાવ્યા મુજબના ટી.પી.સ્કીમ નં.૮૬ મોજેઃ સરસાણાના બ્લોક નં.૧૨૭ થી ૧૪૫ ની ફોર્મ 'એફ' ની જે તે સમયની અધતન વિગત સ્થાયી સમિતિના ઠરાવ નં.૩૭૯/૦૮, તા.૦૭–૦૩–૨૦૦૮ થી નિયત થયા મુજબની નિયમાનુસારની ફી ભરવા જણાવતા, તેઓ ધ્વારા ફી ભરી જાણ

કરતાં સંદર્ભ (૫) ના પત્રથી પાઠવવામાં આવેલ છે. જેમાં પ્રશ્નવાળા બ્લોક નં.ની માલિકી, ક્ષેત્રફળ, મૂળખંડ, અંતિમખંડ, કપાત જરૂરી તમામ વિગતોનો સમાવેશ થાય છે.મુદ્દા નં. (૬) અરજદારશ્રી ધ્વારા ફી બાબતે રજુઆત કરવામાં આવેલ છે. જે અન્વયે સુરત મહાનગરપાલિકાની સ્થાયી સમિતિના ઠરાવ નં. ૩૭૯/૦૮, તા.૦૭–૦૩–૨૦૦૮ થી નિયત થયા મુજબ ફોર્મ 'એફ' ની નકલ આપવા બાબત કેસ દીઠ રૂા.૩૦૦/– તથા અન્ય વધારાના ફા.પ્લોટ દીઠ રૂા.૩૦/– લેખે ફી ભરવા જણાવવામાં આવેલ છે. સદર ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૪૧ અન્વયે રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારને તેઓને માંગેલ માહિતી તથા તબદીલ કર્યા બદલની પુરતી સમજણ આપવામાં આવેલ જે મુજબ અરજદારશ્રીએ માંગેલ ટી. પી. સ્કીમ નં. ૮૬ (સરસાણા–ભીમરાડ–ખજોદ) અન્વયે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ, ૧૯૭૬ ની કલમ–૪૮(૧) હેઠળ સ્કીમને સરકારશ્રીમાં સાદર કરવા અંગે સુરત મહાનગરપાલિકાની સક્ષમ સત્તા નગર નિયોજન સમિતિના ઠરાવ, સરકારશ્રીને પાઠવેલ પત્ર તથા મંજુરી અર્થે સાદર કરેલ પ્લાન નં. ૩ ના નકશાની નકલ નિયમ મુજબ જરૂરી ફી ભરપાઈ લઈ અરજદારને માહિતી પુરી પાડવા આથી સદર અપીલ અન્વયે હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ, પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**ટાઉન પ્લાનીંગખાતુ**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૧૧/૦૨/૨૦૧૫

**અરજદાર :** શ્રી પ્રદિપકુમાર મનસુખભાઈ વાડદોરીયા
**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઇ એકટ હેઠળ શ્રી પ્રદિપકુમાર મનસુખભાઈ વાડદોરીયાની તા.૩૦/૧૨/૨૦૧૪ના રોજની આઇ.ડી.નં.૪૩ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :** (૧) આપશ્રીની રાઇટ–ટુ–ઇન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૩૦/૧૨/૨૦૧૪ના રોજની અરજી આઇ.ડી.નં.૪૩
(૨) અત્રેની કચેરીનો તા.૨૩–૦૧–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/૭૩૦
(૩) અત્રેની કચેરીનો તા.૨૯–૦૧–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/૭૫૦
(૪) આપશ્રીની અપીલ અરજી તા.૧૧–૦૨–૨૦૧૫
(૫) અત્રેની કચેરીનો તા.૧૬–૦૨–૨૦૧૫નો પત્ર નં. ટીપીડી/ આર.ટી.આઇ/આ/૫૬, અપીલ–૧

અરજદારશ્રી પ્રદિપકુમાર મનસુખભાઈ વાડદોરીયા ધ્વારા સંદર્ભ (૧)હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ ખાતે કરવામાં આવેલ. જાહેર

માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર (સી), શ્રી એ.કે.ટેલર ધ્વારા સદર અરજીમાં કરેલ રજુઆત મુજબ માંગેલ માહિતીઓના રૂબરૂ નિરીક્ષણ સારૂ સંદર્ભ (૨) તથા (૩) હેઠળના પત્રોથી જાણ કરવામાં આવેલ. જે પત્રો / માહિતી અરજદારશ્રીને પ્રાપ્ત થયેલ ન હોવાનુ જણાવી / નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંર્દભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામાં ટીપીડી આર ટી આઈ પ્રથમ અપીલ ઈ.નં.૨૧, તા.૧૧–૦૨–૨૦૧૫થી નોંધાયેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંર્દભ (૫) હેઠળના તા.૧૬–૦૨–૨૦૧૫ના પત્રથી શ્રી પ્રદિપકુમાર મનસુખભાઈ વાડદોરીયા તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે. ટેલરને તા.૨૦–૦૨–૨૦૧૫ના રોજ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી પ્રદિપકુમાર મનસુખભાઈ વાડદોરીયા અને ડે.ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા "માહિતી માંગતી તેઓની સંર્દભ (૧) હેઠળની અરજીમાં જણાવ્યા મુજબની ફાઈલોનુ રૂબરૂ નિરીક્ષણ / માહિતી સમય મર્યાદામાં આપેલ ન હોય તે ફાઈલોનુ રૂબરૂ નિરીક્ષણ કરાવી વિના મૂલ્યે માહિતી વિગતો તેઓને પુરી પાડવા રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે ફાઈલોના રૂબરૂ નિરીક્ષણ બાબત સંદર્ભ (૨) તથા (૩) હેઠળના પત્રોથી સમય મર્યાદામાં જાણ કરેલ હોવાની તથા તે અંગે અરજદારશ્રીને માહિતગાર કરવા તેઓના મોબાઈલ નંબર પર સંપર્ક કરવા તા.૨૩–૦૧–૨૦૧૫ અને તા.૨૪–૦૧–૨૦૧૫ થી પ્રયત્ન કરવામાં આવેલ પરંતુ અરજદારશ્રી ધ્વારા ફોન રીસીવ કરવામાં આવેલ નહિ હોવાની સ્પષ્ટતા કરેલ છે. અરજદારશ્રીએ પણ તેઓને ટાઉન પ્લાનીંગ ખાતા / મદદનીશ જાહેર માહીતી અધિકારીશ્રી તરફથી ફોન આવેલ પરંતુ તેઓએ સ્વીકારેલ નહિ હોવાનું જણાવેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઈ એકટના નમુના–ક ની અરજી આઈ.ડી.નં. ૪૩, તા.૩૦–૧૨–૨૦૧૪ અન્વયે અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણી દરમીયાન કરેલ રજુઆત મુજબ અરજીમાં જણાવેલ ફાઈલોનુ રૂબરૂ નિરીક્ષણ / માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી),શ્રી એ.કે.ટેલર ધ્વારા સમય મર્યાદામાં આપેલ ન હોય અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી ધ્વારા અરજદારની અરજી અન્વયે સમય મર્યાદામાં તા.૨૩–૦૧–૨૦૧૫ તથા તા.૨૯–૦૧–૨૦૧૫ થી નિયમાનુસાર રેકર્ડ નિરિક્ષણ કરી તેઓને જરૂરી માહિતી મેળવવા અંગે જાણ કરેલ હોવાનું જણાવેલ છે. જે ધ્યાને લેતાં સંદર્ભ (૧)હેઠળની અરજદારશ્રીની માહિતી માંગતી અરજી અન્વયે આ અંગે ટાઉન પ્લાનીંગ ખાતા ઉપલબ્ધ રેકર્ડ / ફાઈલોનુ અરજદારશ્રીને દિન–૩

માં રૂબરૂ નિરિક્ષણ કરાવા જરૂરી પ્રબંધ કરી નિયમાનુસાર અરજદારશ્રીને માહિતી પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી), શ્રી એ.કે.ટેલરને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા. ૧૮–૦૨–૨૦૧૫

**અરજદાર :** શ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ

**સામાવાળા :** જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી),શ્રી એ.કે.ટેલર, ટાઉન પ્લાનીંગ વિભાગ

**ફરીયાદની હકીકત :**

**વિષય :** આર.ટી.આઈ એકટ હેઠળ શ્રી મહેન્દ્રસિહ એ. બ્રહમભટ્ટની તા.૦૮–૦૧–૨૦૧૫ના રોજની આઈ.ડી.નં.૬૬૯ થી માંગેલ માહિતી બાબત.

**સંર્દભ :**
(૧) આપશ્રીની રાઈટ–ટુ–ઈર્ન્ફોમેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૮–૦૧–૨૦૧૫ના રોજની અરજી આઈ.ડી.નં.૬૬૯
(૨) અત્રેની કચેરીનો તા.૧૩–૦૨–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/૮૦૮
(૩) આપશ્રીની અપીલ અરજી તા.૧૮–૦૨–૨૦૧૫
(૪) અત્રેની કચેરીનો તા.૨૪–૦૨–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/પ્રથમ અપીલ –૬૩
(૫) અત્રેની કચેરીનો તા.૦૯–૦૩–૨૦૧૫નો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/પ્રથમ

અપીલ–૭૦

અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ ધ્વારા સંદર્ભ (૧)હેઠળની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારીશ્રી, મ્યુનિસીપલ કમિશનરશ્રીની કચેરી, સુરત મહાનગરપાલિકાને કરેલ. સંદર્ભ (૧) હેઠળની સદર અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૩૧–૦૧–૨૦૧૫ના પત્ર નં.ટીડીઓ/આર.ટી.આઈ/૧૦૬૦ થી જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ. કે. ટેલર ને તા. ૦૨–૦૨–૨૦૧૫ના ઈ.નં.૪૫૦થી પ્રાપ્ત થયેલ. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(સી) શ્રી એ. કે. ટેલર ધ્વારા સદર અરજીમાં કરેલ રજુઆત મુજબ માહિતી આપવા સંદર્ભ (૨) હેઠળનો પત્ર પાઠવેલ. જેનાથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. સદર અરજી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ ખાતામાં ટીપીડી/આરટીઆઈ/ પ્રથમ અપીલ, ઈ.નં.૨૨, તા.૧૮–૦૨–૨૦૧૫ થી નોંધાયેલ.

સદર અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૪) હેઠળના તા.૧૮–૦૨–૨૦૧૫ના પત્રથી શ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી(સી) શ્રી એ.કે.ટેલરને તા.૨૭–૦૨–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે રૂબરૂ સુનવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સદર સુનાવણીમાં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ હાજર રહેલ ન હતાં. જેથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીને રૂબરૂ સુનવણી માટે બીજી તક આપી અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ.બ્રહમભટ્ટ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર (સી), શ્રી એ.કે.ટેલરને તા.૧૩–૦૩–૨૦૧૫ના રોજ સાંજે ૦૪:૩૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા સંદર્ભ (૫) હેઠળના પત્રથી જણાવવામાં આવેલ. સદર સુનવણીમાં અરજદારશ્રી મહેન્દ્રસિંહ એ. બ્રહમભટ્ટ અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતાં. અરજદારશ્રી ધ્વારા "માહિતી માંગતી સંદર્ભ (૧) હેઠળની તેઓની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબના સામાન્ય વહીવટી વિભાગ, સંયુકત સચિવશ્રી અશોક દવેના માન. કમિશ્નરશ્રી એમ.કે.દાસ, સુરત મહાનગરપાલિકાને પાઠવેલ તા.૧૨–૦૬–૨૦૧૪ તેમજ તા.૧૬–૦૯–૨૦૧૪ થી માન. કમિશ્નરશ્રી, મિલિન્દ તોરવણે ને પાઠવેલ પત્રો સંદર્ભે થયેલ કાર્યવાહીની જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા તેઓને જાણ કરવામાં આવેલ નહિ હોવાની તથા માહિતી માંગતી સંદર્ભ (૧) હેઠળની અરજી સાથે સામેલ કરેલ તેઓની તા.૩૦–૦૫–૨૦૧૪ની અરજી અન્વયે ટાઉન પ્લાનીંગ વિભાગને લાગત મુદ્દાઓની પણ માહિતી પાઠવવામાં આવેલ નહી હોવાની રજુઆત કરેલ છે. જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા અરજદારશ્રીની સંદર્ભ (૧) હેઠળની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબના સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પત્રો તેઓને પ્રાપ્ત થયેલ ન હોય, તે અન્વયે માહિતી પાઠવવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો ન હોવાની સ્પષ્ટતા કરેલ છે.

**–:હુકમ:–**

આર.ટી.આઇ એકટના નમુના–ક ની અરજી આઇ.ડી.નં.૬૬૯, તા.૦૮–૦૧–૨૦૧૫ અન્વયે અરજદારશ્રીએ રૂબરૂ સુનાવણી દરમીયાન કરેલ રજુઆત મુજબ માહિતી માંગતી તેઓની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબના સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના માન.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાને પાઠવેલ તા.૧૨–૦૬–૨૦૧૪ તેમજ તા.૧૬–૦૯–૨૦૧૪ના પત્રો સંદર્ભે ટાઉન પ્લાનીંગ વિભાગ ધ્વારા થયેલ કાર્યવાહીની માહિતી મળેલ ન હોય, અરજદારશ્રી ધ્વારા પ્રથમ અપીલ કરેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી), શ્રી એ. કે.ટેલર ધ્વારા અરજદારશ્રીની સંદર્ભ (૧)હેઠળની અરજીમાં ઉલ્લેખ કર્યા મુજબના સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના પત્રો તેઓને પ્રાપ્ત થયેલ ન હોય તે અન્વયે માહિતી પાઠવવાનો પ્રશ્ન ઉપસ્થિત રહેતો ન હોવાનુ જણાવેલ છે. જે ધ્યાને લેતાં રૂબરૂ સુનવણી દરમ્યાન અરજદારશ્રી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની અરજી સાથે સામેલ કરેલ તેઓની તા.૩૦–૦૫–૨૦૧૪ની અરજી આ અગાઉ જાહેર માહિતી અધિકારીને પ્રાપ્ત થયેલ નથી. પરંતુ હાલમાં સંદર્ભ (૧) હેઠળની અરજી તથા સદર અરજી સાથે સામેલ કરેલ અરજદારશ્રીની તા.૩૦–૦૫–૨૦૧૪ની અરજીમાં જણાવેલ મુદ્દાઓની વિગતો જાણમાં લઈ / ચકાસણી કરી તે મુદ્દાઓ પૈકી ટાઉન પ્લાનીંગ વિભાગને સંલગ્ન માહિતી અરજદારશ્રીને દિન–૩ માં વિનામૂલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનર(સી) શ્રી એ. કે.ટેલરને હુકમ કરવામાં આવે છે.

આમ ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીઓ નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકાર ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૦ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી : તા.૧૦–૦૨–૨૦૧૫**

**અરજદારઃ** **શ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી**

**સામાવાળાઃ** **શ્રી કિરણ રા.સુમરા, જાહેરમાહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનર, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી ની તા.૦૬/૦૧/૨૦૧૫ અરજી આઈ.ડી.નં.૧૧૬૯ થી માંગેલ માહિતી બાબત.**

**સંદર્ભઃ–(૧)આપશ્રીની તા.૦૬–૦૧–૧૫ની અરજી આઈ.ડી.નં.૧૧૬૯.**
**(૨)ઈસ્ટ ઝોન(વરાછા)ના તા.૦૭–૦૧–૧૫ ના તબદીલ પત્ર નં. આર.ટી.આઈ. સેલ/આ/નં.૧૧૬૯.**
**(૩)અત્રેનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ./૭૧૦, તા.૨૦–૦૧–૧૫.**

**(૪) આપશ્રીની અપીલ અરજી તા.૧૦–૦૨–૧૫**
**(૫) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૫૫, તા.૧૬–૦૨–૨૦૧૫ .**
**(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/પ્રથમ અપીલ –૬૭, તા.૦૨–૦૩–૨૦૧૫ .**

**અરજદાર શ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી વરાછા ઝોન ઓફિસ સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. ડે.ઈજનેર અને પી.આઈ.ઓ.(વરાછા ઝોન) ધ્વારા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી, મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને સંદર્ભ (૨) હેઠળના પત્રથી તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૩) હેઠળના તા.૨૦–૦૧–૨૦૧૫ના પત્રથી જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને એમની જરૂરિયાત મુજબની માહિતી વર્ષ વાર અલગથી નિભાવવામાં સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ પરથી મેળવી લેવા જવાબ પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઈ સંદર્ભ (૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ. જે મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં ટીપીડી/ઈનવર્ડ નં. ૯૨૭૪, તા.૧૦–૦૨–૨૦૧૫ થી નોંધાયેલ.**

**સદર અપીલ અરજી અન્વયે અત્રેના સંદર્ભ(૫)હેઠળના તા.૧૬–૦૨–૨૦૧૫ ના પત્રથી શ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૧૯–૦૨–૨૦૧૫ના રોજ સાંજે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જે અન્વયે સદર તારીખ તથા સમયે અરજદારશ્રી હાજર રહેલ નહીં. જેથી સંદર્ભ (૬) હેઠળના તા.૦૨–૦૩–૨૦૧૫ ના પત્રથી શ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને તા.૦૫–૦૩–૨૦૧૫ના રોજ સાંજે ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી** માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં સુનાવણીમાં અરજદારશ્રી ભુપતભાઈ ગોકુળભાઈ સુદાણી તથા જાહેર માહિતી અધિકારીશ્રી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી હાજર રહેલ હતા.

**–: હુકમ :–**

"આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૧૬૯ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી કિરણ રા.સુમરાના પત્રથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. તથા તેમની મૂળ અરજીના સંદર્ભે રાજય સરકાર ધ્વારા મંજુર કરવામાં આવેલી ૪૦ ટી.પી.સ્કીમની માહિતી આપવા વિનંતી કરેલ. જે અન્વયે રેકર્ડ પર વર્ષ વાર મંજુરી અન્વયેની માહિતી અલગથી નિભાવવામાં આવતી ન હોવાનું જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી કિરણ રા.સુમરાએ જણાવેલ. જેથી, રેકર્ડ પર નિભાવવામાં આવતી તમામ ટી. પી. સ્કીમને લગતી

વિગતો /માહિતી અરજદારશ્રીને વિનામૂલ્યે દિન–૩ (ત્રણ)માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રીને હુકમ કરવામાં આવે છે.

આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન, બ્લોક નં.૧, બીજો માળ, નિરમાભવન પાછળ, સેકટર નં. ૧૦/એ, ગાંધીનગર – ૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

**અપીલ અરજી : પ્રથમ અપીલ અરજી નં.૨૭૫, તા.૦૫–૦૩–૨૦૧૫**

**અરજદારઃ શ્રી નરેશ એન. બથવાર,**

**સામાવાળાઃ જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર, જયદિપ એન.પરીખ, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**ફરીયાદની હકીકતઃ**

**વિષય :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ –૨૦૦૫ અન્વયે માહિતી આપવા અંગે આપશ્રીની પ્રથમ અપીલ બાબત.**

સંદર્ભઃ– (૧)આપશ્રીની ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૧૯/૦૧/૨૦૧૫ના રોજની અરજી.(આઈ.ડી.નં. ૬૯૩).
(૨)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં.આર.ટી.આઈ સેલ/ જાવક/૩૩૧૦, તા.૨૮/૦૧/૨૦૧૫.
(૩) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૭૪, તા. ૦૫–૦૨–૨૦૧૫.
(૪) આપશ્રીની અપીલ અરજી નં.૨૭૫, તા.૦૫–૦૩–૨૦૧૫.
(૫)જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર(સેન્ટ્રલ ઝોન)નો પત્ર નં.આર.ટી.આઈ સેલ/ જાવક/૩૮૦૬, તા.૦૭/૦૩/૨૦૧૫.
(૬) અત્રેનો પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૭૯, તા. ૧૭–૦૩–૨૦૧૫.

અરજદાર શ્રી નરેશ એન. બથવાર ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી,સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના પત્રથી માહિતી નો જવાબ પાઠવવા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી ધ્વારા અરજદારશ્રીને સંદર્ભ (૩) હેઠળના પત્રથી માંગવામાં આવેલ માહિતીના મુદ્દા નં. ૩ થી માંગવામાં આવેલી માહિતી બાબતે સ્પષ્ટતા થતી ન હોય આપના તરફથી માંગવામાં આવેલ માહિતીની સ્પષ્ટતા થયેથી ઉપલબ્ધ રેકર્ડ મુજબની માહિતી પાઠવી શકાશે તેમ જવાબ પાઠવવામાં આવેલ. પરંતુ અરજદારશ્રી ધ્વારા માહિતી મળેલ નથી તેમ જણાવી સંદર્ભ (૪) મુજબ અપીલ રજુ કરેલ છે. જે અપીલ, ડે.ઈજનેર અને જાહેર માહિતી અધિકારીશ્રી, સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૫) હેઠળના પત્રથી અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગમાં જરૂરી કાર્યવાહી માટે મોકલવામાં આવેલ છે. જે ટીપીડી/ આરટીઆઈ/ઈ.નં. ૨૮ થી નોંધાયેલ છે.સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૬)હેઠળના પત્રથી શ્રી નરેશ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદિપ એન. પરીખને તા.૨૩–૦૩–૨૦૧૫ના રોજ સાંજના ૪ : ૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. જેમાં સુનાવણીમાં અરજદારશ્રી નરેશ એન. બથવાર તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદિપ એન. પરીખ હાજર રહેલ હતા. અરજદારશ્રી ધ્વારા મારી આર.ટી.આઈ./આઈ.ડી. નં.૬૯૩, તા.૧૯/૦૧/૧૫ની અરજી સંદર્ભે મને પાઠવવામાં આવેલ જવાબ અન્વયે આજરોજ સુનવણી દરમ્યાન પુરતી સમજ આપવામાં આવેલ હોય કોઈ વધુ માહિતીની જરૂરીયાત જણાતી નથી. તેમ જણાવેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદિપ એન. પરીખ ધ્વારા સંદર્ભ (૩) હેઠળના પત્રથી માંગેલ માહિતી બાબતે સ્પષ્ટતા થયેથી માહિતી પાઠવી શકાશે તેમ જણાવવામાં આવેલ હોવાનું જણાવવામાં આવેલ છે.

**–: હુકમ :–**

**''આર.ટી.આઈ. એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૬૯૩, તા.૧૯–૦૧–૨૦૧૫ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન અરજદારશ્રીએ મને પાઠવવામાં આવેલ જવાબ/માહિતી અન્વયે પુરતી સમજ આપવામાં આવેલ હોય કોઈ વધુ માહિતીની જરૂરીયાત જણાતી નથી. તે મુજબની રજુઆત મુજબ તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી જયદિપ.એન.પરીખની રૂબરૂ સુનાવણીમાં કરેલ સ્પષ્ટતા ધ્યાને લેતા અરજદારશ્રીની તા.૦૫–૦૩–૨૦૧૫ ની અપીલ અરજી અન્વયે જાહેર માહિતી અધિકારીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.**

**આમ, ઉપર મુજબ અમલ કરવાના હુકમ સાથે અરજદારની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧, બીજો માળ, નિરમા ભવન પાછળ, સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.**

અપીલ અધિકારી અને
શહેર વિકાસ અધિકારી
સુરત મહાનગરપાલિકા

**અપીલ : તા.૨૬–૧૨–૨૦૧૪**
**અરજદાર : શ્રી છાયાબેન રમેશચંદ્ર નલાવડે**

**સામાવાળા : જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનર(બી) અશોક એમ.ગઢવી, ટાઉન પ્લાનીંગ વિભાગ**

**<u>ફરીયાદની હકીકત:</u>**

**વિષયઃ**– આર.ટી.આઈ.એકટ હેઠળ શ્રી છાયાબેન રમેશચંદ્ર નલાવડેની તા.૨૫–૧૧–૨૦૧૪ અરજી આઈ.ડી.નં.૧૮૮૪ થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ**– (૧) આપશ્રીની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૨૫–૧૧–૧૪ ના રોજની અરજી (આઈ.ડી.નં.૧૮૮૪)

(૨) જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી, સેન્ટ્રલ ઝોનના પત્ર નં. આર.ટી.આઈ./જા.૨૭૩૩ તા.૦૪–૧૨–૧૪.

(૩) જાહેર માહિતી અધિકારી અને ટાઉન પ્લાનરશ્રીના પત્ર નં.ટીપીડી/આરટીઆઈ/૬૨૭, તા.૧૮–૧૨–૨૦૧૪.

(૪) આપશ્રીની અપીલ અરજી તા.૨૬–૧૨–૨૦૧૪.

(૫) અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીનો પત્ર નંબર ટીપીડી/આરટીઆઈ/ પ્રથમ અપીલ/આ/૫૦ તા.૦૬–૦૧–૨૦૧૫.

અરજદારશ્રી છાયાબેન રમેશચંદ્ર નલાવડે ધ્વારા સંદર્ભ (૧) હેઠળની માહિતી માંગતી અરજી સેન્ટ્રલ ઝોન ઓફિસ સુરત મહાનગરપાલિકા ખાતે કરવામાં આવેલ. સદરહું અરજી ડે. ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,સેન્ટ્રલ ઝોન ધ્વારા સંદર્ભ (૨) હેઠળના તા.૦૪–૧૨–૧૪ ના રોજ પત્ર નં.સે.ઝોન/ આરટીઆઈ/ જા.૨૭૩૩ થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગને તબદીલ કરવામાં આવેલ. સંદર્ભ (૩) થી જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ સેકશન ઓફિસરશ્રી આરોગ્ય વિભાગને તબદીલ કરેલ અને તેની જાણ અરજદારશ્રીને કરવામાં આવેલ.જેનાથી નારાજ થઈ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ જે અન્વયે સંદર્ભ (૫) થી અરજદારશ્રી અને જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને તા.૦૮–૦૧–૨૦૧૫ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે પ્રથમ અપીલની સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ છે.

અરજદારશ્રીએ તા.૦૮–૦૧–૧૫ ના રોજ સાંજે ૪.૦૦ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહી મુદ્દા નં.(૨) ની માહિતી તેઓને મળેલ ન હોય જે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને જરૂરી હુકમ કરવા રજુઆત કરવામાં આવેલ જે સંદર્ભે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રીએ મધ્યસ્થ ટાઉન પ્લાનીંગ વિભાગ દ્રારા તા.૧૮–૧૨–૧૪ ના પત્રથી આર.ટી.આઈ.એકટ નમુના–ક ની અરજી આરોગ્ય વિભાગમાં સંપુર્ણપણે તબદીલ કરેલ હોવાની તેમજ સગરામપુરા ક્ષેત્રપાળ હેલ્થ સેન્ટર ખાતે આવેલ ચોથા વર્ગના કર્મચારીઓને ફાળવેલ સ્ટાફ કવાટર્સ અંગેના ટાઉન પ્લાનીગના ઉપલબ્ધ રેકર્ડ પર અરજદાર કર્મચારી શ્રી છાયાબેન રમેશચંદ્ર નલાવડેની ની કોઈ વિગતો મળી આવતી નહીં હોવાની રજુઆત કરેલ છે.

–: <u>હુકમ</u> :–

"આર.ટી.આઈ.એકટ નમુના–ક ની અરજી આઈ.ડી. નં.૧૮૪૪ અન્વયે અરજદારશ્રીની રૂબરૂ સુનાવણી દરમ્યાન કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને નાયબ ટાઉન પ્લાનરશ્રી એ. એમ. ગઢ

વીના તા.૧૮–૧૨–૨૦૧૪ ના રોજના પત્રથી મુદ્દા નં. (૨) ની માહિતી મળેલ ન હોવાથી નારાજ થઈ પ્રથમ અપીલ કરેલ. મુદ્દા નં. (૨) અન્વયેની ટાઉન પ્લાનીંગ ખાતાને સંબંધિત માહિતી આપવાની અરજદારશ્રીની રજુઆત અન્વયે સદર માહિતી/ નકલો દિન–૭ (સાત) માં અરજદારશ્રીને આર.ટી.આઈ એકટની કલમ–૭ (૬) મુજબ વિના મુલ્યે પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી એ.એમ.ગઢવીને હુકમ કરવામાં આવે છે.તથા આર.ટી.આઈ.એકટ ૨૦૦૫ અંતર્ગત અરજદારશ્રીની માહિતી માંગતી અરજી સંદર્ભે અરજદારશ્રીને નિયત સમય–મર્યાદામાં માહિતી/ યોગ્ય પ્રત્યુત્તર મળી રહે તે સુનિશ્ચિત કરવા ખાસ કાળજી રાખવા તાકીદ કરવામાં આવે છે.

ઉપર મુજબ અમલ કરવાનો હુકમ સાથે અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજીનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો, માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ–૧૯ (૩) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧ બીજો માળ, નિરમા ભવન પાછળ, સેકટર નં.૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખિતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :–તા.૧૯–૧૧–૨૦૧૪,**

**અરજદારશ્રી :– શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી**

**સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા**

**<u>ફરીયાદીની હકીકત :–</u>**

**વિષયઃ**– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળ શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી ની તા.૧૩–૧૦–૨૦૧૪ ની આઈ.ડી નં.૮૪૯(૬૦૦/૪૭૭૯) થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભ :**– (૧)અરજદારશ્રી શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીની તા.૧૩/૧૦/૧૪ ના રોજ સુરત મહાનગરપાલિકાની સાઉથ ઝોન કચેરીમાં માહિતી માંગતી "નમુના–ક"ની અરજી આઈ.ડી. નં.: ૮૪૯(૬૦૦/૪૭૭૯) થી કરેલ.

(૨) અરજદારશ્રી શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી ધ્વારા સુરત મહાનગરપાલિકાની સેન્ટ્રલ ઝોન કચેરીમાં નમુનો ' ચ ' થી તા.૧૯/૧૧/૧૪ થી કરેલ અપીલ અરજી ઉકત કચેરીમાં નં.ટીપીડી/ઈનવર્ડ નં.૬૬૭૫ થી નોંધણી કરેલ.

(૩)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા તા.૨૭/૧૧/૨૦૧૪ ના ટીપીડી/ આરટીઆઈ/આ/ પ્રથમ અપીલ નં.૩૬ થી અરજદારશ્રીને રૂબરુ સુનાવણી માટે હાજર રહેવા લખેલ પત્ર.

અરજદારશ્રી શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી તરફથી સંદર્ભ (૧) હેઠળ જણાવેલ આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી માંગતી અરજી સુરત મહાનગરપાલિકાની સાઉથ ઝોન કચેરીમાં આઈ.ડી. નં.: ૮૪૯(૬૦૦/૪૭૭૯) , તા.૧૩/૧૦/૧૪ થી કરેલ. અરજદારશ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી ધ્વારા સંદર્ભ (૨) મુજબ તા.૧૯/૧૧/૧૪ થી સુરત મહાનગરપાલિકાના સેન્ટ્રલ ઝોનમાં નમુના–' ચ ' પ્રથમ અપીલ અરજી રજુ કરવામાં આવેલ. ઉકત અરજી તા.૨૧/૧૧/૧૪ ના રોજ ટીપીડી/૬૬૭૫ થી નોંધવામાં આવેલ. અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીએ અરજદારશ્રી પરમાર પુરૂષોત્તમ નાગજી તથા જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને સંદર્ભ (૩) હેઠળના તા.૨૭/૧૧/૧૪ ના રોજ ના પત્ર થી સદર કામે રૂબરૂ સુનાવણી માટે તા.૦૨/૧૨/૨૦૧૪ ના રોજ હાજર રહેવા જાણ કરેલ. જે મુજબની સુનાવણીની તા.૦૩/૧૨/૧૪ ના રોજ અરજદાર શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીએ સાંજે ૪:૦૦ કલાકે રૂબરૂ સુનાવણી માટે હાજર થઈ નિયત સમય મર્યાદામાં માહિતી પ્રાપ્ત થયેલ નથી તથા પ્રતિભાવ આપેલ નથી તે રજુઆત કરેલ. જે સંદર્ભે સુનાવણીમાં હાજર રહેલ જાહેર માહિતી અધિકારીશ્રી અને ડે.ટાઉન પ્લાનરશ્રી બંગલાવાલા ધ્વારા અરજદારશ્રી ધ્વારા માહિતી માંગતી મૂળ અરજી અત્રેનાં ખાતામાં પ્રાપ્ત થયેલ/તબદીલ થયેલ ન હોવાની સ્પષ્ટતા કરી, અરજદારશ્રી ઈચ્છે તો ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ આર.ટી.આઈ હેઠળ માંગેલ અરજીની નકલ આપવા પ્રસ્તાવના કરેલ અને તે અન્વયેતે નકલો અરજદારશ્રીને તા.૦૪/૧૨/૨૦૧૪ ના રોજ હાથોહાથ આપવામાં આવેલ છે. જે ધ્યાને લેતાં અરજદારશ્રીની અપીલ અરજી અન્વયે નીચે મુજબ હુકમ કરુ છું.

**–:: હુકમ ::–**

માહિતી અધિકાર નિયમ–૨૦૦૫ હેઠળ અરજદારશ્રી શ્રી પરમાર પુરૂષોત્તમ નાગજીની તા.૧૩–૧૦–૧૪ ની અરજી સંદર્ભે સદર અરજી ટાઉન પ્લાનીંગ ખાતામં ઉપલબ્ધ/તબદીલ થઈ આવેલ નથી. અરજદારે તેઓને કોઈ પ્રતિભાવ મળેલ ન હોય, નારાજ થઈ તા.૧૯/૧૧/૧૪ ના રોજ અપીલ કરેલ.

અરજદારની ઉકત અપીલ અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા અરજદારને તા.૦૨/૧૨/૧૪ના રોજ રૂબરૂ સુનાવણી માટે હાજર રહી રજુઆત કરવાની જાણ કરવામાં આવેલ. જે અન્વયે તા.૦૩/૧૨/૧૪ના રોજ હાજર રહી અરજદારશ્રી તથા જાહેર માહિતી અધિકારીશ્રી ધ્વારા કરવામાં આવેલ રજુઆત ધ્યાને લઈ અરજદારશ્રીને ટાઉન પ્લાનીંગ ખાતામાં ઉપલબ્ધ અરજદારશ્રી ધ્વારા જે નકલો માંગવામાં આવેલ તે પુરી પાડવા માટે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હુકમ કરવામાં આવેલ જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલા ધ્વારા માંગણી મુજબની નકલો અરજદારશ્રીને તા. ૦૪/૧૨/૨૦૧૪ ના રોજ હાથોહાથ આપવામાં આવેલ છે, જે અંગેની સ્વીકૃતિ પહોંચ મેળવવામાં આવેલ છે. જે ધ્યાને લેતા, જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી એસ.ડી.બંગલાવાલાને હવે વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

આમ, અરજદારશ્રીની પ્રથમ અપીલ અરજી નો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ કર્મયોગી ભવન બ્લોક નં.૧બીજો માળ,નિરમાભવન પાછળ સેકટર નં. ૧૦/એ ગાંધીનગર–૩૮૨૦૧૦ ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**(મનિષ એમ.ડોકટર)**
**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગરપાલિકા**

**અપીલ અરજી :** તા.૦૨/૧૨/૨૦૧૪

**અરજદારઃ** શ્રી મોહનભાઈ બી. પટેલ

**સામાવાળાઃ** જાહેર માહિતી અધિકારીશ્રી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી રચિતા એસ.દેસાઇ, ટાઉન પ્લાનીંગ વિભાગ, સુરત મહાનગરપાલિકા,સુરત.

**ફરીયાદની હકીકતઃ**

**વિષયઃ–** આર.ટી.આઇ એકટ–૨૦૦૫ હેઠળ શ્રી મોહનભાઇ બી.પટેલની તા.૦૪/૦૯/૨૦૧૪ અરજી આઇ.ડી.નં.૩૩૨થી માંગેલ માહિતી બાબત.

**સંદર્ભઃ–** (૧) આપશ્રીની રાઇટ ટુ ઇન્ફોર્મેશન એકટ–૨૦૦૫ હેઠળની તા.૦૪–૦૯–૨૦૧૪ના રોજની અરજી (આઈ.ડી.નં.૩૩૨)

(૨) જાહેર માહિતી અધિકારી અને ઇ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારીનો પત્ર નં.ટી.ડી.ઓ/ આર.ટી.આઇ/૬૭૬, તા.૨૬/૦૯/૨૦૧૪.

(૩) ટાઉન પ્લાનીંગ વિભાગનો પત્ર નં.ટીપીડી/આર.ટી.આઈ/૪૭૧, તા.૦૧/૧૦/૨૦૧૪.

(૪) આપશ્રીની અપીલ અરજી તા.૦૨/૧૨/૨૦૧૪.

(૫)અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રીના પત્ર નં.ટીપીડી/ આર.ટી.આઇ/ અપીલ/૩૯,તા.૧૧/૧૨/૨૦૧૪,નં.ટીપીડી/આર.ટી.આઇ/અપીલ–૪૨, તા.૧૮/૧૨/૨૦૧૪ તથા નં.ટીપીડી/આર.ટી.આઇ/અપીલ–૪૭, તા.૦૨/૦૧/૨૦૧૫.

અરજદાર શ્રી મોહનભાઇ બી.પટેલ ધ્વારા સંદર્ભ(૧) હેઠળની માહિતી માંગતી અરજી ઇ.ચા.નાયબ શહેર વિકાસ અધિકારી ધ્વારા સંદર્ભ(૨) હેઠળની પત્રથી માહિતીના મુદ્દા નં.૩ થી ૫નો જવાબ પાઠવવા અંશતઃ તબદીલ કરવામાં આવેલ છે. જાહેર માહિતી અધિકારી અને ડેપ્યુટી ટાઉન પ્લાનરશ્રી અશ્વિન કે.ટેલર ધ્વારા અરજદારશ્રીને તા.૦૧/૧૦/૨૦૧૪ના પત્રથી જવાબ/માહિતી પાઠવવામાં આવેલ. જેનાથી નારાજ થઇ અરજદારશ્રીએ સંદર્ભ(૪) હેઠળના પત્રથી અપીલ અરજી રજુ કરેલ.

સદર અરજી અન્વયે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૧૧/૧૨/૨૦૧૪ના પત્રથી શ્રી મોહનભાઇ બી.પટેલ તથા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને તા.૧૫/૧૨/૨૦૧૪ના રોજ ૪:૦૦કલાકે રૂબરૂ સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારી સમક્ષ હાજર રહેવા જણાવવામાં આવેલ. સુનાવણીમાં અરજદારશ્રી મોહનભાઇ બી.પટેલ હાજર રહેલ નહોતા.વધુમાં સદર બાબતે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૧૮/૧૨/૨૦૧૪ના પત્રથી અરજદારશ્રી મોહનભાઇ બી.પટેલને તા.૨૪/૧૨/૨૦૧૪ના રોજ બપોરે ૪:૦૦કલાકે સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવેલ. પરંતુ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નહોતા. અરજદારશ્રીની વધુ તક આપવાની અરજી સંદર્ભે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા સંદર્ભ (૫) હેઠળના તા.૦૨/૦૧/૨૦૧૫ના પત્રથી અરજદારશ્રી મોહનભાઇ બી.પટેલને તા.૦૫/૦૧/૨૦૧૫ના રોજ બપોરે ૪:૦૦કલાકે સુનાવણી માટે અપીલ અધિકારી અને શહેર વિકાસ અધિકારીશ્રી સમક્ષ હાજર રહેવા જણાવેલ. પરંતુ સુનાવણીમાં અરજદારશ્રી હાજર રહેલ નહોતા.

આ બાબતે જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી રચિતા એસ.દેસાઈ હાજર રહી સદર બાબતે સ્પષ્ટતા કરતા જણાવેલ કે અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૩ના (a) તથા (b) ટાઉન પ્લાનીંગ ખાતાને સંલગ્ન નથી, (c) તથા (d) અન્વયેની માહિતીનો પ્રત્યુત્તર તા.૦૧/૧૦/૨૦૧૪થી પાઠવેલ છે અને (e) અન્વયેની માહિતી ઝોનને લાગત છે.

**હુકમઃ–**

આર.ટી.આઇ એકટ ૨૦૦૫ની અરજી આઈ.ડી.નં.૩૩૨ અન્વયે અરજદારશ્રીએ કરેલ રજુઆત મુજબ જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીના તા.૦૧/૧૦/૨૦૧૪ના રોજના મળેલ જવાબથી નારાજ થઈ પ્રથમ અપીલ અરજી કરેલ છે. અરજદારશ્રી ધ્વારા અરજીના મુદ્દા નં. (c) તથા (d) ની માંગેલ માહિતી ટાઉન પ્લાનીંગ વિભાગને સ્પર્શતી હોય તેને જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.શહેર વિકાસ અધિકારીશ્રી ધ્વારા ટાઉન પ્લાનીંગ ખાતાને તબદીલ કરેલ તથા ટાઉન પ્લાનીંગ ખાતા ધ્વારા નિયત સમય મર્યાદામાં અરજદારશ્રીને જવાબ કરેલ. પરંતુ સદર માહિતીથી નારાજ થઈ અરજદારશ્રી ધ્વારા અપીલ કરેલ છે. સદર બાબતે અરજદારશ્રીની અપીલ અન્વયે રૂબરૂમાં સુનાવણી માટે ત્રણ વખત તારીખ અને સમય આપવામાં આવેલ હતા પરંતુ તેઓશ્રી કે તેમના કોઈ અધિકૃત પ્રતિનિધિશ્રી નિયત સમયે હાજર રહેલ નથી કે વધુ કોઈ લેખિત રજુઆત કરેલ નથી. સુનવણીમાં જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રી રચિતા એસ.દેસાઈ એ હાજર રહી અરજદારશ્રીની અરજીના મુદ્દા નં.૩ અન્વયે(a) તથા (b) ટાઉન પ્લાનીંગ ખાતાને સંલગ્ન નથી, (c) તથા (d) અન્વયેની માહિતીનો પ્રત્યુત્તર તા.૦૧/૧૦/૨૦૧૪થી પાઠવેલ છે અને (e) અન્વયેની માહિતી ઝોનને લાગત છે. જે મુજબની વિસ્તૃત સ્પષ્ટતા/ રજુઆત કરેલ છે. જે ધ્યાને લેતાં જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને વધુ કોઈ હુકમ કરવાનો રહેતો નથી. અરજદારશ્રીએ મૂળ માહિતી માંગતી તા.૦૪/૦૯/૧૪ની અરજીથી ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એકટ–૧૯૭૬ની કલમ ૪૦(૩)ની નકલની માંગણી કરેલ નથી, પરંતુ તા.૦૨/૧૨/૨૦૧૪ની અપીલ અરજીમાં સદર નકલ આપવા રજુઆત કરેલ છે. જે ધ્યાને લઈ આર.ટી.આઇ એકટ–૨૦૦૫નો મૂળ હાર્દ જળવાઈ રહે એવા શુભ હેતુથી સદર નકલ નિયમાનુસાર અરજદારશ્રીને દિન–૦૭(સાત)માં પૂરી પાડવા જાહેર માહિતી અધિકારી અને ડે.ટાઉન પ્લાનરશ્રીને જણાવવામાં આવે છે. આમ, આ અપીલનો નિકાલ કરવામાં આવે છે. આ હુકમ સંતોષકારક ન જણાય તો માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ની કલમ ૧૯(૧) અન્વયે ગુજરાત માહિતી આયોગ પ્રથમ માળ, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર બ્યુરો કચેરી, સેકટર નં.૧૮, ગાંધીનગર–૩૮૨૦૧૮ને લેખીતમાં બીજી અપીલ કરી શકો છો.

**અપીલ અધિકારી અને**
**શહેર વિકાસ અધિકારી**
**સુરત મહાનગર પાલિકા**